**Pocso Case No.193/2022**
Received on: 08-08-2022
Registered on: 08-08-2022
Decided on: 12-06-2026
Duration: YY MM DD
03 - 10 - 04
**Pocso Case No.249/2022**
Received on: 10-10-2022
Registered on: 10-10-2022
Decided on: 12-06-2026
Duration: YY MM DD
**03 - 08 - 02**

सत्यमेव जयते

# FORM – A

***IN THE COURT OF 4TH ADDI. DISTRICT & SESSIONS JUDGE, SURAT***
*Present:*

*4 th Addl. Sessions Judge, Surat.*

*DATE OF JUDGMENT: 12-06-2026*

POCSO CASE No.193/202 with POCSO CASE No. 249/2022

*Godadara Police Station FIR No.11210064221010/2022*

| | |
|---|---|
| Complainant | The State of Gujarat |
| Represented by | Ld. A. P. P. Mr. Tejas A. Pancholi |
| Accused | 1. Vinod Gurucharan Shah<br>Age about-43, Occupation-Business<br>Re- Plot No.46, Ganesh Nagar-2,<br>Godadara Naher, Limbayat, Surat.<br><br>2. Vimladevi Vinod Shah<br>Age about-40, Occupation-House Hold,<br>Re- Plot No.46, Ganesh Nagar-2,<br>Godadara Naher, Limbayat, Surat.<br><br>3. Dipukumar @ Pratik @Bhola Vinod Shah<br>Age about-19, Occupation-Business,<br>Re- Plot No.46, Ganesh Nagar-2, |

| | |
|---|---|
| | Godadara Naher, Limbayat, Surat.<br><br>All Origin Res. Village Diliya, Post. Kavat, Thana-Davat, Di. Rohitas, Bihar. |
| Represented by | Ld. Advocate Mr. C. M. Pandey for Accused No.1 to 3 |

## *FORM - B*

| | |
|---|---|
| Date of Offence | 05/07/2022 |
| Date of FIR | 05/08/2022 |
| Date of Charge-sheet | 07/08/2022 & 03/10/2022 |
| Date of Charge framing | 19/06/2023 |
| Date of commencement of evidence | 01/09/2023 |
| Date on which Judgment is reserved | 04/05/2026 |
| Date of the Judgment | 12/06/2026 |
| Date of the sentencing order, if any | |

| Rank Name of the accused | Name of the accused | Date of Arrest | Date of Release on bail | Offences charged with | Whether acquitted or convicted | sentence imposed | Period of detention undergo |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Vinod Gurucharan Shah | 02/07/22 | 22/07/22 | IPC U/s 363, 366, 376 (2) (J) (N), 114 & POCSO ACT U/s 4, 5 (L) 6. | Acquitted | | |
| 2 | Vimladevi Vinod Shah | 01/07/22 | 21/07/22 | " | Acquitted | | |
| 3 | Dipukumar @ Pratik @ Bhola Vinod Shah | 26/08/22 | 27/01/23 | " | Acquitted | | |

**FORM – C**

**LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES**

**A. Prosecution**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| PW-1 | ૧૯ | ડો. પ્રિન્સી રાજેશભાઇ દુધવાલા<br>(ભોગ બનનારની તપાસ કરનાર સાહેદ) | ડોકટર |
| PW-2 | ૨૯ | ભોગ બનનારના ભાઇ | ફરીયાદી |

| | | | |
|---|---|---|---|
| PW-3 | ૩૧ | ડો. જીજ્ઞેશ ધીરૂભાઇ પદમાણી (આરોપી નં.૩ ની તપાસ કરનાર સાહેદ) | ડોકટર |
| PW-4 | ૩૫ | ભાગવત સીતારામ ચૌધરી | પંચ સાહેદ ગુનાવાળી જગ્યાના |
| PW-5 | ૩૮ | મોનાબેન સુરેશચંદ્ર ચૌધરી | પંચસાહેદ ભોગ બનનાર ના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનાં |
| PW-6 | ૪૬ | ભોગ બનનાર | જાતે |
| PW-7 | ૫૧ | ભોગ બનનારના પિતા | પિતા |
| PW-8 | ૫૨ | ભોગ બનનારની માતા | માતા |
| PW-9 | ૫૩ | જીતેન્દ્રસિંહ માનસીંગ નાથાવત | પંચ સાહેદ ભોગબનનાર નું ભૃણ તથા DNA સેમ્પલ કબજે કર્યાના |
| PW-10 | ૫૮ | મોહનલાલ રૂપારામ ચૌધરી | પંચસાહેદ આરોપી નં.૧ ના મેડીકલ ચકાસણી બાદના સેમ્પલો તથા DNA કબજે કર્યાના |
| PW-11 | ૬૩ | ઉમેશભાઇ મગનભાઇ ચૌધરી | ઉપર મુજબના તથા આરોપી નં.૩ ના શરીર સ્થિતીના |
| PW-12 | ૬૫ | મનીષભાઇ સહદેવભાઇ ઇનાનીયા | પંચ સાહેદ આરોપી નં.૨ નાએ આરોપી નં.૩ ના કપડા રજુ કરેલ તે કબજે કર્યાના |
| PW-13 | ૬૯ | કાળુભાઇ બીલમારામ ઝાખર | '' |
| PW-14 | ૭૦ | કિરણભાઇ નથ્થુભાઇ પટેલ | પંચ સાહેદ આરોપી નં.૩ ના શરીર સ્થિતીના |
| PW-15 | ૭૨ | મહેશભાઇ રૂપસીંગભાઇ (ASI) | પોલીસ સાહેદ |
| PW-16 | ૭૪ | જયસુખસિંહ ઘનશ્યામભાઇ પરમાર (PSI) | પોલીસ સાહેદ |
| PW-17 | ૭૫ | કમલેશભાઇ દિનેશભાઇ રાઠોડ (ASI) | પોલીસ સાહેદ |
| PW-18 | ૭૯ | અશ્વિનભાઇ અનીલભાઇ ગામીત (FSL) | સાહેદ |
| PW-19 | ૮૬ | અંકિત જયપ્રકાશ ભટ્ટ (FSL) | સાહેદ |
| PW-20 | ૯૫ | કલ્પેશ કાંતીલાલ મોઢ (FSL) | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| PW-21 | ૯૮ | હરીહરનાથ ગિરજાશંકર દુબે (પ્રિન્સીપાલ) | ભોગ બનનારની શાળા ના સાહેદ |
| PW-22 | ૧૦૫ | પ્રશાંતભાઈ રામજીભાઈ અમીન (PSI) | તપાસ કર્તા અમલદાર |
| PW-23 | ૧૧૪ | નીરજા પ્રભાતકુમાર ઠાકુર (પ્રિન્સીપાલ) | ભોગ બનનારની શાળા ના સાહેદ |

**B. Defence witnesses, if any:-**

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| | | |

**C. Court witnesses, if any:-**

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| | | |

**LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS**

**A. Prosecution:-**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૦ | ગોડાદરા પો.સ્ટે.ની ચાદી (PW–1) |
| ૨ | ૨૧ | ભોગ બનનારનું મેડીકલ સર્ટી (PW–1) |
| ૩ | ૨૨ | ગોડાદરા પો.સ્ટે.ની ચાદી. (PW–1) |
| ૪ | ૨૩ | ભોગ બનનારના ગર્ભ બાબતે ડોકટરે આપેલ અભિપ્રાય (PW–1) |
| ૫ | ૨૪ | ગર્ભપાતની પરવાનગી લઇ આવેલાની પોલીસ ચાદી. (PW–1) |
| ૬ | ૨૫ | ભોગબનનારનું ડી.એન.એ.પ્રોફાઈલીંગ ફોર્મ. (PW–1) |
| ૭ | ૨૬ | ભોગ બનનારના ગર્ભપાત અંગેના મેડીકલ પેપર્સ. (PW–1) |
| ૮ | ૩૦ | ફરીયાદ. (PW–2) |
| ૯ | ૩૨ | ગોડાદરા પો.સ્ટે.ની અસલ ચાદી. (PW–3) |

| | | |
|---|---|---|
| ૧૦ | ૩૩ | આરોપી નં.૩ નું મેડીકલ સર્ટીફીકેટ. (PW–3) |
| ૧૧ | ૩૪ | આરોપી નં.૩ મેડીકલ પેપર્સ (PW–3) |
| ૧૨ | ૩૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. (PW–4) |
| ૧૩ | ૩૭ | પંચની સહીવાળી પંચસ્લીપ (PW–4) |
| ૧૪ | ૩૯ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું (PW–5) |
| ૧૫ | ૪૦ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું. (PW–5) |
| ૧૬ | ૪૧ થી ૪૪ | મુ.આ.નં.૧ થી ૪ માંથી નીકળેલ પંચોની સહીવાળી પંચસ્લીપ નંગ–૪. (PW–5) |
| ૧૭ | ૪૭ | ભોગ બનનારનું CrPC ની કલમ ૧૬૪ મુજબનું નિવેદન (PW–6) |
| ૧૮. | ૪૮ | ભોગબનનારને તેમની શાળા ધ્વારા આપવામાં આવેલ સર્ટીફીકેટ. (PW–6) |
| ૧૯ | ૪૯,૫૦ | આરોપી નં.૧, ૨ નું શરીરસ્થિતીનું તથા મુદામાલ રીકવર પંચનામું. (કબુલાત આધારે) |
| ૨૦ | ૫૪ | ભોગ બનનારના ગર્ભ(ભૃણ) તથા DNA સેમ્પલ કબજે કર્યાનું પંચનામું. (PW–9) |
| ૨૧ | ૫૫ | આરોપી નં.૩ ના મેડીકલ સેમ્પલો તથા ડી.એન.એ. સેમ્પલો કબજે કર્યાનું પંચનામું. (PW–9) |
| ૨૨ | ૫૬ | આરોપી નં.૨ નાએ આરોપી નં.૧ ના બનાવ સમયેના રજુ કરેલ કપડા કબજે કર્યાનું પંચનામું. (કબુલાત આધારે) |
| ૨૩ | ૫૯ | આરોપી નં.૧ ના મેડીકલ ચકાસણી બાદના સેમ્પલો તથા DNA સેમ્પલો કબજે કર્યાનું પંચનામું. (PW–10) |
| ૨૪ | ૬૦ થી ૬૨ | મુ.આ.નં.૧૬ થી ૨૫ માંથી નીકળેલ પંચસ્લીપ નંગ–૩ (PW–10) |
| ૨૫ | ૬૪ | આરોપી નં.૩ નું શરીરસ્થિતીનું પંચનામું. (PW–11) |
| ૨૬ | ૬૬ | આરોપી નં.૩ ના કપડા કબજે કર્યાનું પંચનામું. (PW–12) |
| ૨૭ | ૬૭,૬૮ | મુદામાલ આર્ટીકલ નં.૧,૨ માંથી નીકળેલ પંચસ્લીપ. (PW–12) |
| ૨૮ | ૭૩ | સ્ટેશન ડાયરીની પ્રમાણિત નકલ. (PW–15) |
| ૨૯ | ૭૬,૭૭ | કલમ ઉમેરાનો રીપોર્ટ. (PW–17) |
| ૩૦ | ૭૮ | ભોગ બનનારના નિવેદન માટે લખેલ યાદી. (PW–17) |
| ૩૧ | ૮૦ | ભોગ બનનારના ગર્ભનો એફ.એસ.એલ.નો DNA અહેવાલ ફોરવડીંગ લેટર સહિત. (PW–18) |

| | | |
|---|---|---|
| ૩૨ | ૮૧,૮૨ | આરોપી નં.૧ અને ૩ નો FSL નો DNA અહેવાલ ફોરવર્ડીંગ લેટર સહિત. (PW–18) |
| ૩૩ | ૮૩ થી ૮૫ | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યાની પહોંચ. (PW–18) |
| ૩૪ | ૮૭ | FSL નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ. (PW–19) |
| ૩૫ | ૮૮ | FSL નો સીરોલોજી પરીક્ષણ અહેવાલ. (PW–19) |
| ૩૬ | ૮૯ | FSL નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ. (PW–19) |
| ૩૭ | ૯૦ | FSL નો સીરોલોજી પરીક્ષણ અહેવાલ. (PW–19) |
| ૩૮ | ૯૧ થી ૯૩ | મુદ્દામાલ FSL ને મળ્યાની પહોંચ. (PW–19) |
| ૩૯ | ૯૬ | ફોરવર્ડીંગ લેટર સહિતનો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ. (PW–20) |
| ૪૦ | ૯૯ | ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. (PW–21) |
| ૪૧ | ૧૦૦ | ભોગ બનનારનું પ્રવેશ ફોર્મ. (PW–21) |
| ૪૨ | ૧૦૧ | ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. (PW–21) |
| ૪૩ | ૧૦૨, ૧૦૩ | ભોગ બનનારની શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ. (PW–21) |
| ૪૪ | ૧૦૮ ૧૦૯ ૧૧૦ | ભોગ બનનારના તથા આરોપીઓના એમ.એલ.સી. પેપર્સ. (PW–22) |
| ૪૫ | ૧૦૬ ૧૦૭ ૧૧૧ | રવાનગી નોંધ. (PW–22) |
| ૪૬ | ૧૧૫ | ભોગ બનનારના પિતાએ ભોગ બનનારને ધોરણ–૧ માં પ્રવેશ લીધેલ તે સમયે કરેલ એફીડેવીટની નકલ. (PW–23) |
| ૪૭ | ૧૧૬ | ભોગ બનનારના શાળા છોડયાનું પ્રમાણપત્ર. (PW–23) |
| ૪૮ | ૧૧૭ | જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ. (PW–23) |

**B. Defence witnesses, if any:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| | | |

**C. Court witnesses, if any:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| | | |

**D. Material Objects:**

| Sr. No. | Material Object No. | Description |
|---|---|---|
| 1 | ૧ | કાળા રંગનું જીન્સ પેન્ટ |
| 2 | ૨ | આછો બદામી કલરનું ફ્રોક |
| 3 | ૩ | આછા વાઈટ કલરની બ્રા જેના પર દુધિયા કલરના ડાઘા |
| 4 | ૪ | આછા દુધિયા કલરનું નિકર |
| 5 | ૫ | એક પ્લાસ્ટીકની કશનળી વજાઈનલ સ્ટીક |
| 6 | ૬ | એક કસનળીમાં યુરેનલ સ્વેબ |
| 7 | ૭ | બે શીલબંધ કાચની શીશીમાં બ્લડ સેમ્પલ |
| 8 | ૮ | એક શીલબંધ કાચની શીશીમાં પ્યુબીક હેર |
| 9 | ૯ | એક શીલબંધ કાચની શીશીમાં નખ |
| 10 | ૧૦ | એક શીલબંધ શીશીમાં સલાઈવા |
| 11 | ૧૧ | એક શીલબંધ કાંચની શીશીમાં સ્કેલપ હેર |
| 12 | ૧૨ | ગુલાબી તથા લીલા કલરનું (ગોદડુ)જેમાં કુલની ડીઝાઇન |
| 13 | ૧૩ | એક શીલબંધ ખાખી કવરમાં આરોપીએ બનાવ સમયે પહેરેલ કથઇ કલરનો સફેદ લીટીવાળો શર્ટ છે તે |
| 14 | ૧૪ | એક શીલબંધ ખાખી કવરમાં આરોપીએ બનાવ સમયે પહેરેલ આછો ગ્રે કલરનો પેન્ટ |
| 15 | ૧૫ | એક શીલબંધ ખાખી કવરમાં આરોપીએ બનાવ સમયે પહેરેલ દુધીયા કલરનો જાંગીયો |
| 16 | ૧૬ | એક કસનળીમાં આરોપીનું બ્લડ સેમ્પલ |
| 17 | ૧૭ | એક કસનળીમાં આરોપી વિનોદ ગુરૂચરણ સાહનું બ્લડ સેમ્પલ |
| 18 | ૧૮ | એક કાચની શીશીમાં સ્કલપ હેર |
| 19 | ૧૯ | એક કાચની શીશીમાં નખ |
| 20 | ૨૦ | એક કાચની શીશીમાં સલાઈવા |
| 21 | ૨૧ | એક કાચની શીશીમાં પ્યુબીક હેર |

| | | |
|---|---|---|
| 22 | ૨૨ | એક કાચની શીશીમાં વીર્ય |
| 23 | ૨૩ | એક કસનળીમાં આરોપી વિનોદનું DNA સેમ્પલ |

### કેસ નં.૨૪૯/૨૦૨૩ (આરોપી નં.૩)

| Sr. No. | Material Object No. | Description |
|---|---|---|
| 1 | ૧. | એક બ્લેક અને વાઇટ કલરનો ચેકસ ખાનાવાળો શર્ટ |
| 2 | ૨. | એક આછા બ્લુ કલરનું જીન્સ પેન્ટ |
| 3 | ૩. | આરોપી નં.૩ નું બ્લ્ડ સેમ્પલ |
| 4 | ૪. | આરોપીનું બ્લડ સેમ્પલ |
| 5 | ૫. | એક કાચની શીશીમાં નખ |
| 6 | ૬. | એક કાચની શીશીમાં સલાઇવા |
| 7 | ૭. | સ્કાલ્પ હેર |
| 8 | ૮. | એક કાચની શીશીમાં પ્યુબીક હેર |
| 9 | ૯. | એક કાચની શીશીમાં વીર્ય |
| 10. | ૧૦ | આરોપી નં.૩ નું ડી.એન.એ. સેમ્પલ |

## *- JUDGMENT -*

***આ ચુકાદામાં જાતિય ગુનાથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૨૩ ની જોગવાઇ મુજબ તેમજ નામદાર ઉચ્ચ ન્યાયાલયના ચુકાદામાં સિદ્ધાંત મુજબ, ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેઓનો "ભોગબનનાર" એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.***

૧. આ કામે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં થયેલ ફરિયાદના આધારે તપાસના અંતે ચાર્જશીટ રજૂ થયેલ. જે આધારે હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે), (એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ,૨૦૧૨ ની કલમ ૪, ૫ (એલ), ૬ મુજબના ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આ કામે ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ,૨૦૧૨ ને હવે પછી આ ચુકાદામાં ટુંકમાં પોકસો એકટ તરીકે સંબોધવામાં આવેલ છે.

૨. હાલના કેસમાં ભોગબનનાર સગીર સ્ત્રી બાળક છે. પોક્સો એક્ટ,૨૦૧૨ ની કલમ ૩૩ (૭) ની જોગવાઇ મુજબ ભોગબનનાર સગીરની ઓળખ જાહેર ન થાય તે હેતુસર ભોગબનનાર સગીર કે, જેની ઉંમર ૧૬ વર્ષ, ૯ માસ અને ૧૧ દિવસ છે, તેને કેસમાં ભોગબનનાર તરીકે સંબોધિત કરવામાં આવેલ છે. હાલના કામે ભોગબનનારનું નામ તથા સરનામું તથા ભોગ બનનારના માતાપિતા ના નામ વિગેરે કે, જેના લીધે ભોગ બનનારની ઓળખ પુરવાર થાય તેવી કોઈ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

૩. આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૩ નાએ તા.૦૭.૦૫.૨૦૨૨ ના કલાક: ૧૫/૩૦ વાગ્યાના સુમારે ફરીયાદીની સગીર વયની બહેન (ભોગ બનનાર) (ઉં.૧૬ વર્ષ, ૯ માસ અને ૧૧ દિવસ)ને ફરીયાદીના વાલીપણા માંથી અપહરણ કરી કડોદરા ખાતે લઇ જઇ આરોપી નં.૧, ૨ નાએ કડોદરા ખાતે મકાન ભાડે રાખી દીધેલ અને ભોગ બનનાર સાથે આરોપી નં.૩ નાએ અડધી રાત્રીના જબરજસ્તીથી ભોગ બનનારે પહેરેલ કપડા ઉતારી તેને છાતીના ભાગે હાથ ફેરવેલ, તેના હોઠ તેમજ ગાલ પર ચુંબન કરી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ તથા આરોપી નં.૨ નાએ ભોગ બનનાર તેઓની દિકરી છે તેવી આજુબાજુમાં ઓળખ આપી તેમજ આરોપી નં.૩ ને ભોગ બનનારની સાથે કડોદરા ખાતે મકાન ભાડે રાખી દીધેલ અને આરોપી નં.૩ નાએ ભોગ બનનારને તેઓની સાથે લગ્ન કરવાની લાલચ આપી, તેનું અપહરણ કરી કડોદરા ખાતે ભાડાના મકાનમાં લઇ જઇ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી, એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય તેની ધોરણસરની થવા ફરિયાદ કરેલી.

૪. ઉપરોક્ત બનાવની ફરિયાદ તા.૦૮.૦૫.૨૦૨૨ ના રોજ ગોડાદરા પો.સ્ટે. ગુ. ર. નં.૧૧૨૧૦૦૬૪૨૨૧૦૧૦/૨૦૨૨ થી નોંધાયેલી. સદરહુ ફરિયાદની તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે), (એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ,૨૦૧૨ ની કલમ ૪, ૫ (એલ), ૬ મુજબના ગુના કામે પોલીસ દ્વારા આરોપીઓની અટક કરી ઉપરોક્ત ગુનાઓની તપાસના અંતે

આરોપીઓ વિરૂદ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલ, જે પોકસો કેસ નં.૧૯૩/ ૨૦૨૨ તથા પોકસો કેસ નં.૨૪૯/૨૦૨૨ થી રજીસ્ટરે લઇ આગળની ન્યાયિક કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

સદર કામે પોકસો કેસ નં.૧૯૩/૨૦૨૨ ના કામે તા.૧૮.૦૪.૨૦૨૨ ના રોજ મુખ્ય ચાર્જશીટ પોકસો કેસ નં.૧૯૩/૨૦૨૨ હોય અને તે કામમાં આંક–૫ થી ફરીયાદપક્ષે કોન્સોલેટની અરજી આપેલ હોય પોકસો કેસ નં.૨૪૯/૨૦૨૨ ના કામનો પુરાવો પોકસો કેસ નં.૧૯૩/૨૦૨૨ ના કામે લેવાનો હોય રોજકામ બંધ કરી બંનેની ટ્રાયલ એકસાથે ચલાવવામાં આવેલ છે.

૫. ત્યારબાદ આરોપીઓ સદર ગુનામાંથી જામીન મુકત થયેલ હોય અને આરોપીઓએ ખાનગી વકીલ રોકેલ હોય અત્રેની કોર્ટ દ્વારા આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે અને આ કામના આરોપીઓ વિરૂદ્ધ આંક–૧૨ થી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે), (એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ,૨૦૧૨ ની કલમ ૪, ૫ (એલ), ૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓનું તહોમતનામુ ઘડેલ છે જે ગુના પરત્વે આરોપીઓના આંક–૧૩ થી ૧૫ સુધીના નિવેદનો નોંધેલ છે. જેમાં આરોપીઓએ ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે.

૬. આ કામે ફરિયાદપક્ષે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે અને ત્યારબાદ આંક–૧૨૮ થી ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કર્યા બાદ સદર કામે આરોપીઓનું ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવાઓનો ઈન્કાર કરી જણાવેલ છે કે, કહેવાતો બનાવ તેઓએ કરેલ નથી. તેઓને આ બનાવમાં ખોટી રીતે ફસાવી દેવામાં આવેલ છે. સેમ્પલો સાથે પોલીસે ચેડા કરીને તેઓને ખોટી રીતે ફસાવી દીધેલ છે. તેઓએ આવો કોઇ ગુનો કરેલ નથી. જેથી તેઓને નિદોર્ષ છોડી મુકવા અરજ કરેલ છે.

૭. ત્યારબાદ ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષ તરફેની મૌખિક દલીલો સાંભળી.

૭.૧ ફરિયાદી પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેમની ભારપૂર્વકની મૌખિક દલીલમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલી છે કે, આ કામે આંક–૧૨ થી ચાર્જફ્રેમ કરવામાં આવેલો છે અને હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે), (એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ,૨૦૧૨ ની કલમ ૪, ૫ (એલ), ૬ અન્વયે ગુનો દાખલ થયેલ છે. આ કામે ભોગબનનારની બનાવ સમયે ઉંમર માત્ર ૧૬ વર્ષ, ૯ માસ અને ૧૧ દિવસની છે તે હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે ભોગ બનનાર, ભોગ બનનારની માતાપિતા, ભોગ બનનાર ભાઇ/ફરીયાદી તથા ભોગ બનનારે જે શાળામાં અભ્યાસ કરેલ તે શાળાના કર્મચારીઓને તપાસેલ છે અને તેઓએ રજુ કરેલા પુરાવાથી ભોગ બનનારની બનાવ સમયે ઉંમર ૧૬ વર્ષ, ૯ માસ અને ૧૧ દિવસની હોવાની હકીકતને સંપુર્ણપણે સમર્થન મળેલ છે.

વધુમાં, વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં એવું જણાવેલ કે, આ કામે ભોગ બનનારે તેમની સાથે આરોપી નં.૩ એ દુષ્કર્મ કરેલાની હકીકત અંગેનો પુરાવો રજુ કરેલ છે અને તેને સમર્થનકારી પુરાવો ભોગ બનનારની તપાસણી કરનાર ડોકટરોએ રજુ કરેલ છે અને તેઓના પુરાવાથી પણ ભોગ બનનાર સાથે આરોપી નં.૩નાએ શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકતને સમર્થન મળેલ છે. તેમજ આરોપી નં.૧, ૨ નાએ આરોપી નં.૩ ને ગુનો કરવામાં મદદગારી કરેલાનો પુરાવો ફરીયાદી, ફરીયાદીની માતા તથા ખુદ ભોગ બનનારે જણાવેલ છે. તેમજ ભોગ બનનારે તેમની જુબાનીમાં આરોપીઓને ઓળખી બતાવેલ છે અને આરોપીપક્ષે ઓળખ અંગેની કોઇ જ તકરાર લેવામાં આવેલ નથી.

ફરીયાદપક્ષે વધુમાં એવી દલીલ કરેલ કે, ફરીયાદપક્ષે તપાસેલ મહત્વના સાહેદોએ તેમના પુરાવામાં પણ ભોગ બનનારનું આરોપી નં.૩ એ અપહરણ કરેલ અને તેમાં આરોપી નં.૧, ૨ નાએ મદદગારી કરેલ છે અને આરોપી નં.૩ નાએ તેણીની સાથે તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ કરી તેણીને ગર્ભવતી કરેલાની હકીકતને સમર્થનકારી હકીકતો જણાવેલ છે. તેમજ ફરીયાદપક્ષના તમામ મુખ્ય સાહેદોએ ફરીયાદપક્ષ ના કેસની હકીકતોને સમર્થન કરેલ છે.

વધુમાં, વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલ કરતા એવું જણાવેલ કે, આ કામે ભોગ બનનારની તપાસણી કરનાર સાહેદ ડોકટરોએ પણ હાલના બનાવની મહત્વની હકીકતોને સમર્થન કરેલુ છે. તેમજ એફ.એસ.એલ.ના પુરાવાથી પણ ભોગ બનનારને રહેલ ગર્ભના (ભૃણ) ના આરોપી નં.૩ જૈવીક પિતા હોવાની હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર પુરવાર થયેલ છે. તેમજ ભોગ બનનારનું સી.આર.પી.સી. ની કલમ ૧૬૪ મુજબનું નિવેદન પણ વિ.મેજી.શ્રી સમક્ષ લેવામાં આવેલ છે. જેમાં પણ ભોગ બનનારે આજ હકીકતો જણાવેલી છે. તેમજ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદ, એફ.એસ.એલ.ના કર્મચારી તથા તપાસ કરનાર અમલદારે પણ ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થનકારી હકીકતો જણાવી ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સંપુર્ણપણે સમર્થન કરેલ છે તે તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ દ્વારા રજુ પુરાવાથી આરોપીઓ વિરૂદ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર થાય છે. જેથી હાલના આરોપીઓ ને કાયદા મુજબની મહતમ અને સખ્ત સજા કરવા અરજ કરેલ છે.

૭.૨ આરોપીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ ફરીયાદપક્ષના સાહેદોની જુબાની તથા ઉલટતપાસની વિગતો વાંચી મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષના મહત્વના સાહેદ એવા ફરીયાદી, ભોગ બનનારના માતાપિતાએ ભોગ બનનારની ઉંમર છુપાવવાનો પ્રયત્ન કરેલ છે. તેમજ ભોગ બનનારની માતાને કુલ કેટલા સંતાનો છે તે અંગે પણ ભોગ બનનારે, ફરીયાદીએ તથા ભોગ બનનારના માતાપિતાએ અલગ અલગ વિગતો જણાવેલ છે. તેમજ ભોગ બનનારના કથન મુજબ તેમણે આરોપી નં.૩ ના મોબાઇલમાંથી લોકેશન ફરીયાદીને મોકલેલાનું જણાવેલ છે, જયારે ફરીયાદીએ તેમના પુરાવામાં તેઓ આરોપી નં.૩ ને જોઇ જતા તેનો પીછો કરેલાનું અને તે ભાગતા પડી ગયેલાનું અને તે દરમ્યાન તેમની બહેન ભાગતી તેઓની પાસે આવેલાની વિગત જણાવેલ છે, જેથી પણ ફરીયાદી અને ભોગ બનનારના પુરાવામાં વિસંગતતા જણાય આવે છે. વધુમાં, ભોગ બનનારની માતાએ ઉલટતપાસમાં આરોપી નં.૩ ફરીયાદીને જોઇ જતા પહેલા માળેથી કુદેલાની હકીકત જણાવેલ છે, જયારે ફરીયાદીએ ખુદ તેમના પુરાવામાં આરોપી નં.૩ તેઓને જોઇને ભાગતા પડી ગયેલાની હકીકત જણાવેલ છે. તેમજ જો ખરેખર

આરોપી નં.૩ પહેલા માળેથી નીચે પડી ગયેલ હોય તો તેઓને ઈજા થયેલ હોય અને તેઓ પકડાઇ ગયેલ હોય પરંતુ ફરીયાદપક્ષના રજુ પુરાવાથી બનાવના દિવસે જ આરોપી નં.૩ ની અટક કરવામાં આવેલ હોય તેવુ જણાય આવતુ નથી. જેથી પણ ફરીયાદપક્ષના પુરાવામાં શંકા ઉદભવે છે અને તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

વધુમાં, તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે ભોગ બનનારની શાળાના સાહેદને તપાસેલ છે અને તેઓએ રજુ કરેલ પુરાવા પૈકી ભોગ બનનારનું એડમીશન ફોર્મ જોતાં તેમાં ભોગ બનનારની જન્મ તારીખ જ લખેલ નથી. તેમજ શાળાના સાહેદે ખુદ એવુ જણાવેલ છે કે, એડમીશન ફોર્મમાં અધુરી વિગત હોય તો એડમીશન મળે નહિં. તેમજ ભોગ બનનારની ઉંમર અંગે જે પુરાવા રજુ થયેલ છે તેની તેઓએ ખરાઇ કરેલ નથી. તેમજ ભોગ બનનારની માતા, ફરીયાદી તથા ખુદ ભોગ બનનારે તેમની જન્મ ઘરે થયેલાનું જણાવેલ છે અને ભોગ બનનારના જન્મની નોંધણી કરાવેલ નથી. આમ, ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકીકત માની શકાય નહિં. તેમજ ભોગ બનનારના રજુ થયેલ એલ.સી.ની ખરાઇ અંગેની હકીકત પુરવાર કરવા સારૂ ભોગ બનનાર જે જે શાળામાં અભ્યાસ કરેલ તે શાળાના સાહેદોને ફરીયાદપક્ષે તપાસેલ નથી.

વધુમાં, તેઓએ એવી પણ દલીલ કરેલ છે કે, જયારે સગીરની ઉંમર અંગેના કોઇ પુરાવાઓ ન હોય ત્યારે જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ-૯૪ મુજબની કાર્યવાહી કરવી જોઇએ પરંતુ ફરીયાદપક્ષ તરફે તેવી કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

વધુમાં, સદર કામે ફરીયાદપક્ષે ડી.એન.એ. રીપોર્ટ રજુ કરેલ છે અને તે મુજબ આરોપી નં.૩ ભોગ બનનારને રહેલ ગર્ભના પિતા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ ડીએનએ પરીક્ષણ જે સેમ્પલો કબજે કરવામાં આવેલ છે તે સેમ્પલો સીલબંધ હાલતમાં હોવાનું તેમજ તે સેમ્પલો ત્રણ દિવસ સુધી કોની કસ્ટડીમાં હતા તેવો કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેથી ડીએનએ પરીક્ષણ માટે જે સેમ્પલો લેવામાં આવેલ છે તેનું યોગ્ય રીતે પરીક્ષણ થયેલ નથી તેમજ નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ડીએનએ પરીક્ષણ

માટે લીધેલ સેમ્પલો ૪૮ કલાકની અંદર એફ.એસ.એલ.માં પરીક્ષણ અર્થે મોકલવા જોઇએ પરંતુ સદર કેસમાં ૩ દિવસ પછી સેમ્પલો એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલાની હકીકત ફરીયાદપક્ષના પુરાવાથી ફલીત થાય છે જેથી પણ ડી.અને.એ. માટેના સેમ્પલોનું પરીક્ષણ યોગ્ય અને કાયદેસરની પ્રક્રિયા મુજબ થયેલ નથી.

તેમજ આરોપી નં.૧, ૨ સામે ફરીયાદપક્ષે જે ગુનાહિત આક્ષેપ કરેલ છે તે આક્ષેપો ફરીયાદપક્ષના રજુ સાહેદોનાં પુરાવાઓથી પુરવાર થતા નથી. તેમજ આરોપી નં.૧, ૨ નાએ ભોગ બનનારનું અપહરણ કરેલ નથી કે, આરોપી નં.૧ નાએ ભોગ બનનાર સાથે કોઇ દુષ્કૃત્ય કરેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી નં.૧, ૨ સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ આરોપી નં.૧, ૨ ને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

આરોપીઓના વિ.વ.શ્રીએ વધુમાં એવી પણ દલીલ કરેલ છે કે, ભોગ બનનારની જુબાની વિશ્વાસપાત્ર નથી અને તેણીની જુબાનીમાંથી વિસંગતાઓ જણાય આવે છે. ભોગ બનનારની જુબાની શંકાથી પર હોવી જોઇએ અને ત્યારે જ આરોપીની તકસીરવાન ઠરાવી શકાય.

તેઓએ એવી પણ દલીલ કરેલ છે કે, ત.ક.અ.ની તપાસ શંકાઓ ઉપજાવે તેવી છે અને તપાસની પ્રક્રિયા યોગ્ય નહિ હોવાનું અને પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધની હોવાનું જણાવેલ છે. ભોગ બનનાર ટયુટર વિટેનસ હોવાની શકયતા નકારી શકાય નહિં. ભોગ બનનારને જે રીતે શીખવાડવામાં આવેલુ તે રીતે તપાસકર્તા અને મેડીકલ ઓફીસર અને ૧૬૪ ના નિવેદનમાં જાહેર કરેલ છે.

વધુમાં, તેઓએ એવી પણ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલા સરતપાસ તથા ઉલટતપાસ જોતા સદર ગુનો સાંયોગીક પુરાવાનો કેસ છે અને સાંયોગીક પુરાવાના કેસમાં ગુનાને લગતા આવશ્યક તત્વોના પુરાવા સહિતની સાંકળ રચાય છે અને સાંકળની એકપણ કડી તુટે નહિં તો જ કેસ પુરવાર થાય તે જોતાં પણ સદર ગુનામાં પુરાવાની સાંકળ રચાતી નથી. ઉલટાનું ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે.

તેઓએ એવી પણ દલીલ કરેલ છે કે, એફ.આઇ.આર. એ મહત્વનો

પુરાવો નથી પરંતુ તેનો ઉપયોગ ફરીયાદીની સચ્ચાઇ તપાસવા માટે થઇ શકે તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે.

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

આરોપીઓના વિ.વ.શ્રીએ તેમની દલીલનાં સમર્થનમાં **[1]** P. Yuvaprakash Vs. State Rep By Inspector of Police, 2023 (0) AIJEL-SC 71210, Supreme Court of India **[2]** State of Gujarat Vs. Tukna Budhiya Das, R/Criminal Confirmation Case No.1 of 2020, Hon'ble Gujarat High Court થી ચુકાદાઓ રજુ કરેલ છે.

૮. ઉપરોકત મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતા સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષે નિશંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૩ નાએ તા.૦૭/૦૫/૨૦૨૨ ના કલાક : ૧૫/૩૦ વાગ્યાના સુમારે ફરીયાદીની સગીર વયની (ભોગ બનનાર) બહેન (ઉં.૧૬ વર્ષ, ૯ માસ અને ૧૧ દિવસ) નાને ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી કડોદરા ખાતે લઇ જઇ તેમજ આરોપી નં.૧, ૨ નાએ કડોદરા ખાતે આરોપી નં.૩ ને મકાન ભાડે રાખી આપી તેમજ ભોગ બનનાર સાથે આરોપી નં.૩ નાએ અડધી રાત્રીના જબરજસ્તીથી ભોગ બનનારે પહેરેલ કપડા ઉતારી તેને છાતીના ભાગે હાથ ફેરવેલ, તેના હોઠ તેમજ ગાલ પર ચુંબન કરી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ તથા આરોપી નં.૨ નાએ ભોગ બનનાર તેઓની દિકરી છે તેવી આજુબાજુમાં ઓળખ આપી તેમજ આરોપી નં.૩ ને ભોગ બનનારની સાથે કડોદરા ખાતે મકાન ભાડે રાખી, આરોપી નં.૩ નાએ ભોગ બનનારને તેઓની સાથે લગ્ન કરવાની લાલચ આપી, તેનું અપહરણ કરી કડોદરા ખાતે ભાડાના મકાનમાં લઇ જઇ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી, એકબીજાની મદદગારી કરી

ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે), (એન), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૩) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત સમયે અને સ્થળે બનાવમાં ભોગબનનાર સગીર વયની હોવાનું આરોપી નં.૩ નાઓ જાણતા હોવા છતાં, આરોપી નં.૩ નાએ ભોગબનનાર સાથે અવાર નવાર ઉગ્ર પ્રવેશ જાતિય હુમલાઓ કરી, જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ ૪, ૫ (એલ), ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૪) શું હુકમ?

૯. ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો તથા તેના કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

## *– કારણો –*

૧૦. આ કામે આંક–૧૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે), (એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ, ૨૦૧૨ ની કલમ ૪, ૫ (એલ), ૬ મુજબનું તહોમત ઘડવામાં આવેલ છે. આરોપીએ ગુનો કબૂલ નહી કરતા તેમની સામેના હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

૧૧. ઉપરોકત મુજબની બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો અને આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનો તલસ્પર્શી અને ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવેલ છે. આથી, અત્રે એ ઉલ્લેખનીય જણાય આવે છે કે, આ કામના આરોપીઓ સામે નોંધાયેલ ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે), (એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ,૨૦૧૨ ની કલમ ૪, ૫

(એલ), ૬ મુજબનો છે અને તે પુરવાર કરવાનો બોજો પ્રથમ ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. આથી, ફરિયાદપક્ષ દ્વારા આક્ષેપિત ગુનાઓ સાબિત કર્યેથી તેના વિરૂદ્ધ આરોપીપક્ષે સંભવિતતાની પ્રબળતાના સિદ્ધાંત મુજબ હકારાત્મક પુરાવાથી ખંડન ન કરે ત્યાં સુધી આરોપીએ જ આક્ષેપિત ગુનો કરેલો છે તેમ માની લઇ શકાશે. તેમજ આરોપીઓને ગુનાહિત માનસિક સ્થિતિ, ઇરાદો અને તે વિશેનું જ્ઞાન હતુ તેમ માની અદાલત અનુમાન કરશે અને શંકાથી પર સાબિત થયેલ ગણાશે.

વધુમાં, ફોજદારી કાર્યવાહીમાં જ્યારે બે બાબતો જણાય આવતી હોય ત્યારે તેનો લાભ અવશ્ય આરોપીની બાજુએ લેવાનો થાય છે, પરંતુ માત્ર સુદ્રઢ શંકા કે, ફરિયાદમાં થયેલ વિલંબ શુલ્લક કારણો ફરિયાદપક્ષના સત્યના ભરેલા પુરાવાને અસર કરી શકે નહી.

આથી, સદર ગુનાની જોગવાઇઓ જોતાં, તેના આવશ્યક તત્વો મુજબ ગુનો પુરવાર કરવો જરૂરી છે. જે સદરહું ગુનાની જોગવાઇઓ જોવી જરૂરી હોય તે નીચે મુજબની છે.

*Indian Penal Code-*

*Section-363 of the IPC- Punishment for kidnapping:- Whoever kidnaps any person from [India] or from lawful guardianship, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.*

*366-Kidnapping abducting or inducing woman to compel her marriage, etc.— Whoever kidnaps or abducts any woman with intent that she may be compelled, or knowing it to be likely that she will be compelled, to marry any person against her will, or in order that she may be forced or seduced to illicit intercourse, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine, and whoever, by means of criminal intimidation as defined in this Code or of abuse of authority or any other method of compulsion, induces any woman to go from any place with intent that she may be, or knowing that it is likely that she will be, forced or seduced to illicit intercourse with another person, shall also be punishable as aforesaid.*

***Section 376(2) in The Indian Penal Code,***

*(j) commits rape, on a woman incapable of giving consent; or*

*(n) commits rape repeatedly on the same woman, shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine.*

*(3) Whoever, commits rape on a woman under sixteen years of age shall be*

*punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine:*

*Provided that such fine shall be just and reasonable to meet the medical expenses and rehabilitation of the victim:*

*Provided further that any fine imposed under this sub-section shall be paid to the victim.*

***The Protection Of Children From Sexual Offences Act, 2012***

*4. Punishment for penetrative sexual assault.— 3 [(1)] Whoever commits penetrative sexual assault shall be punished with imprisonment of either description for a term which shall not be less than 4 [ten years] but which may extend to imprisonment for life, and shall also be liable to fine.*

*(2) Whoever commits penetrative sexual assault on a child below sixteen years of age shall be punished with imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person and shall also be liable to fine.*

*(3) The fine imposed under sub-section (1) shall be just and reasonable and paid to the victim to meet the medical expenses and rehabilitation of such victim.*

*6. Punishment for aggravated penetrative sexual assault.— (1) Whoever commits aggravated penetrative sexual assault shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person and shall also be liable to fine, or with death.*

*(2) The fine imposed under sub-section (1) shall be just and reasonable and paid to the victim to meet the medical expenses and rehabilitation of such victim.*

આથી, સદર ગુનાની જોગવાઈઓ જોતાં, તેના આવશ્યક તત્વો મુજબ ગુનો પુરવાર કરવો જરૂરી છે. પુરાવાઓનું મૂલ્યાંકન પુરાવાના કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી પરંતુ પુરાવાઓનું મુલ્યાંકન દરેક કેસની હકીકતો ઉપર આધારિત રહેલું હોય છે. જેથી, કારણોની ચર્ચા કરતા અગાઉ ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓનું ઝીણવટપૂર્વક અને તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવેલ છે અને તેનું મુલ્યાંકન તથા અવલોકન કરવામાં આવેલ છે. બંન્ને પક્ષકારોના વિ.વ. શ્રીઓની દલીલોને ઝીણવટપૂર્વક ધ્યાને લેવામાં આવેલ છે.

૧૨. **<u>મુદ્દા નં.૧</u>:–**

૧૨.૧ આ કામમાં ફરિયાદપક્ષના આક્ષેપો પ્રમાણે ફરિયાદપક્ષે સૌ પ્રથમ એ સાબીત

કરવાનું રહે છે કે, બનાવ વખતે શું ભોગ બનનાર સગીર વયના હતા.

આથી, ફરિયાદપક્ષે રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું ઝીણવટભર્યુ મૂલ્યાંકન તથા અવલોકન કરતા ફરિયાદપક્ષ દ્વારા ભોગબનનારની ઉંમર સાબિત કરવા માટે હાલના કેસમાં ભોગ બનનારને, ભોગ બનનારના માતા, પિતા, ભાઇ તથા ભોગ બનનારે જે શાળામાં અભ્યાસ કરેલ તેવી શાળાના કર્મચારીને ફરીયાદપક્ષે તપાસેલા છે. ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારના ભાઇ/ ફરીયાદી (PW–2) ને આંક–૨૯ થી તપાસેલ છે અને તેઓએ તેમના પુરાવામાં તેમની ભોગ બનનાર બહેન બનાવ સમયે સગીર વયની હોવાનું જણાવેલ છે. તેજ રીતે ફરીયાદપક્ષે ભોગ બનનારના માતા–પિતા (PW–7 અને PW–8) ને અનુંક્રમે આંક–૫૧ અને આંક–૫૨ થી તપાસેલ છે અને તેઓએ પણ તેમની ભોગ બનનાર દિકરીની ઉંમર ૧૬ વર્ષ અને ૯ માસ હોવાનું જણાવેલ છે. તેમજ ભોગ બનનાર PW–6 ને આંક–૪૬ થી તપાસેલ છે અને તેઓએ તેમના પુરાવામાં બનાવ સમયે તેમની જન્મ તા.૧૭.૧૨.૨૦૦૫ હોવાનું જણાવેલ છે. તેમજ સદરહુ હકીકતને સમર્થનકારી પુરાવો ફરીયાદપક્ષ તરફે PW–21 તથા PW–23 થી તપાસવામાં આવેલા સાહેદોએ આપેલ છે અને તેના સમર્થનમાં PW–21 નાએ ભોગ બનનારને ધોરણ ૮ માં અભ્યાસ બાદ આપવામાં આવેલ શાળા છોડયાનું પ્રમાણપત્ર આંક–૯૯ થી, ભોગ બનનાર સ્કુલમાં દાખલ થયેલ તે પ્રવેશ ફોર્મ આંક–૧૦૦, ભોગ બનનારને શાળામાં દાખલ કરતી વખતે ભોગ બનનારના પિતાએ રજુ કરેલ ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર આંક–૧૦૧, ભોગ બનનારની નોંધ અંગેનો તેમની શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ આંક–૧૦૨ અને ૧૦૩ થી રજુ કરેલ છે.

તેમજ, PW–23 નાએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ભોગ બનનારના પિતાએ રજુ કરેલી એફીડેવીટ આંક–૧૧૫ થી, તેમજ શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ આંક–૧૧૬ સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ અને આંક–૧૧૭ તેઓની શાળાના વિર્ધાથીઓનું જનરલ રજીસ્ટર રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં તેમાં ભોગ બનનારની જન્મ તા.૧૭.૧૨.૨૦૦૫ લખવામાં આવેલી છે.

આરોપીઓ તરફે મુખ્યત્વે ભોગ બનનાર સગીર વયની ન હોવાનો બચાવ લીધેલો છે. જે સંદર્ભે ભોગબનનારના ભાઇ/ફરીયાદી, ભોગ બનનાર, ભોગ બનનારના માતા–પિતાએ તેમના આપેલા સોગંદ ઉપર સરતપાસના પુરાવાઓમાં PW–2 ના જણાવેલ છે કે, તેઓ તેમના માતા–પિતાના **બે સંતાનો** છે અને જેમાં સૌથી મોટો તેઓ છે અને ત્યારબાદ તેમની ભોગબનનાર બહેન છે. PW–6 ના જણાવેલ છે કે, તેઓ તેમના માતા–પિતાના **ચાર સંતાનો** છે અને જેમાં તે બીજા નંબરની છે. PW–7 ના જણાવેલ છે કે, તેમને **બે સંતાનો** છે. જયારે PW–8 ના તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓને કુલ **ત્રણ સંતાનો** છે અને તેમાં બે પુત્રી અને એક પુત્રનો સમાવેશ થાય છે. આથી, સદર સાહેદોનાઓએ પુરાવાની વિગતોથી જોતા, ભોગ બનનારના માતા–પિતાને તેમના કેટલા સંતાનો છે તેની માહીતી નથી અને તેઓના પુરાવામાંથી સ્પષ્ટ રીતે શંકાઓ ઉદ્દ્ભવે તેવો પુરાવો રજુ થયેલો છે અને તેઓના પુરાવાઓથી ભોગ બનનારની માતાને ખરેખર કેટલા સંતાનો બાબતે અને તેનાથી ભોગ બનનારની ઉમંર બાબતેની સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી.

૧૨.૨ વધુમાં, ફરીયાદપક્ષના પુરાવામાં એવી હકિકતો રેકર્ડ ઉપર આવેલી છે કે, ભોગ બનનારનો જન્મ ઘરે થયેલાની અને તેની કોઇ નોંધણી કરાવેલ ન હોવાની સ્પષ્ટ વિગત રેકર્ડ ઉપર આવેલ છે. જયારે PW–23 નાએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ભોગ બનનારના પિતાએ રજુ કરેલી એફીડેવીટ આંક–૧૧૫ થી રજુ કરેલ છે. જે એફીડેવીટમાં આંક–૧૧૫ થી રજુ થયેલ છે તે ભોગ બનનારના પિતા/PW–7 નાઓએ તા.૧૨.૧૧.૨૦૦૯ ના રોજ કરેલી છે અને તે એફીડેવીટમાં એવી વિગતો ભોગ બનનારના પિતા/PW–7 ના પિતાએ લખેલી અને જણાવેલી છે કે,...

*"આથી હુ મારા ઘર્મ પ્રમાણેના સોંગઘ લઇ ને જાહેર કરૂ છુ કે, મારે ત્યા એક પુત્રી નામે XXX **(ભોગ બનનારનું નામ PW–2)** ની જન્મ તા:૧૭/૧૨/૨૦૦૫ ના રોજ ઉપરોકત રહેવાના નિવાસ સ્થાને થયેલ છે. જેની જન્મની નોંધતચુકથી સુરત મહાનગર પાલીક દફતરે કે સરકારી કે અર્ઘ સરકારી દફતરે કે કચેરીએ નોંઘ કરાવેલ નથી. જેની જન્મની માટે આ એફીડેવીટ કરેલ છે. જન્મ નાર બાળકની માહીતી નીચે મુજબ છે.*

*૧. બાળકનુ નામ : XXX **(ભોગ બનનારનું નામ/PW–2)***

*૨. જન્મ તારીખ : ૧૭/૧૨/૨૦૦૫*
*૩. પિતાનુ નામ : XXX (**PW–7**)*
*૪. માતાનુ નામ : XXX (**PW–8**)*
*૫. જાતી : સ્ત્રી*
*૬. ધર્મ : XXX*
*૭. જન્મ સ્થળ/કાયમી સરનામુ : XXX, સુરત*
*૮. રાસ્ટ્રીયતા : ભારતીય*

*ઉપરની તમામ હકીકત મારી જાણ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે. એફીડેવીટ કરવી તે ગુનો બને છે. તેની મને જાણ છે.*
*સ્થળ : સુરત*
*તારીખ : ૧૨/૧૧/૨૦૦૯.*

આમ, આંક–૧૧૫ ના સોગંદનામાના દસ્તાવેજી પુરાવાથી ભોગ બનનારની જન્મ તા.૧૭.૧૨.૨૦૦૫ અને જન્મ સ્થળ સુરત લખવામાં આવેલ છે.

જે સોગંદનામાની વિગતો અને PW–7 નાઓએ તેમના પુરાવામાં સ્વીકારેલ છે કે, તેમની ભોગ બનનાર દીકરીનો જન્મ ઘરે થયેલ હતો અને તેણીના જન્મની નોંધણી તેઓએ કરાવેલ ન હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીના જન્મની નોંધણીનો કોઈ આધાર પુરાવો તેમની પાસે નથી તેવી મહત્વની વિગતો જોતા તદ્દન વિસંગત અને વિરોધાભાસી જણાય આવે છે.

જયારે PW–8 નાઓ તેમના પુરાવામાં સ્વીકારેલ છે કે, તેમની ભોગ બનનાર પુત્રીનો જન્મ ક્યારે થયો તે તેમને યાદ નથી. તેમની **ભોગ બનનાર દીકરીનો જન્મ રાજસ્થાન મુકામે તેમના ગામમાં થયેલ હતો.** એ વાતનો સ્વીકાર કરેલ છે કે, રાજસ્થાન મુકામે કોઈ પણ સરકારી ઓફિસમાં તેમની ભોગ બનનાર દીકરીના જન્મની નોંધણી તેઓએ કરાવેલ નહી. તેમની ભોગ બનનાર દીકરી ત્રણ મહિનાની થતા તેઓ તેને લઈને સુરત તેમના પતિના ઘરે લઈને આવેલા. જે મહત્વની વિગતો જોતા તદ્દન વિસંગત અને વિરોધાભાસી જણાય આવે છે.

આથી, PW–8 નાઓએ ભોગ બનનારનો જન્મ રાજસ્થાન મુકામે થયેલો હોવા છતાં PW–7 નાઓએ સુરતમાં થયેલો હોવાનું જણાવેલુ છે અને ભોગ બનનારની જન્મ તારીખનો કોઇ આધાર પુરાવો ન હોય અને કોઇ નોધણી થયેલી ન હોવા છતાં તેઓએ એફીડેવીટમાં ભોગ બનનારની જન્મ તારીખ અને સુરતમાં

જન્મ થયેલો હોવાનું જણાવીને એફીડેવીટ આધારે સ્કુલમાં પ્રવેશ મેળવેલો છે અને તેવા આધારે હાલની જન્મ તારીખ ભોગ બનનારની ચાલી આવેલી છે. જેથી જન્મ તારીખ અને સ્થળ અંગેના પુરાવાઓ મૂળથી જ વિશ્વનીય જણાય આવતા નથી અને તેના આધારે નોંધાયેલી જન્મ તારીખથી ઘટના/બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોય તેમ માની શકાય નહી.

૧૨.૩ આરોપીઓ તરફે નામદાર સુપ્રિમ કોર્ટના **Sunil vs State Of Haryana, 2009 (0) AIJEL-SC 47776** માર્ગદર્શક ચુકાદા રજુ કરેલો છે. જે માનસહ વંચાણે લેતાં, તેમાં પેરા નં.૩૦ થી ૩૨ નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

*30. The prosecution also failed to produce any Admission Form of the school which would have been primary evidence regarding the age of the prosecutrix.*
*31. The School Leaving Certificate produced by the prosecution was also procured on 12.9.1996, six days after the incident and three days after the arrest of the appellant. As per that certificate also, she joined the school in the middle of the session and left the school in the middle of the session. The attendance in the school of 100 days is also not reliable.*
*32. The prosecutrix was admitted in the school by Ashok Kumar, her brother. The said Ashok Kumar was not examined. The alleged School Leaving Certificate on the basis of which the age was entered in the school was not produced.*

આમ, ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક પ્રસ્થાપિત સિધ્ધાંત તથા હાલના કામે રજુ થયેલી ફરીયાદપક્ષની વિગત જોતાં ફરીયાદીએ તેમની આંક–૩૦ ની ફરીયાદ સાથે ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર કે, તેણીના સ્કુલના કોઇ ખરી જન્મ તારીખ અંગેના પ્રમાણપત્ર રજુ કરેલાનું જણાય આવતુ નથી. તેમજ હાલના કામે ભોગ બનનારે તેમના પુરાવામાં ધોરણ ૧ થી ૩ સુધીની સ્કુલના તથા ધોરણ–૪ થી ૬ સુધીના અને ધોરણ–૭ બાદની સ્કુલમાં ભણેલા હોવાનું જણાવેલ છે, જે જોતાં આ કામે PW–23 નાએ જણાવેલ છે કે, ભોગ બનનારે તેમની શાળામાં ધોરણ–૧ માં પ્રવેશ મેળવેલ અને તેણીની જન્મ તા.૧૭.૧૨.૨૦૦૫ ના રોજની જણાવેલ છે અને PW–23 નાએ આંક–૧૧૫ થી આંક–૧૧૭ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે, જેમાં **ભોગ બનનારના પિતાનું એફીડેવીટ આંક–૧૧૫,** સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ આંક–૧૧૬ થી તથા આંક–૧૧૭ થી સ્કુલના રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરેલ છે અને તેઓએ

**ઉલટતપાસમાં એ વાત ખરી જણાવેલ છે કે, ભોગ બનનારનો જન્મનો દાખલો કે, અન્ય કોઈ પુરાવો ન હોય તેથી આંક–૧૧૫ વાળો પુરાવો તેમના રેકર્ડમાં તેમના પિતાએ આપેલ છે અને તેઓએ કોઈ એડમીશન ફોર્મ રજુ કરેલ નથી.** આમ, આ વિગતો જોતાં **ભોગ બનનારની એફીડેવીટ તા.૧૨.૧૧.૨૦૦૯ ના રોજની સુરત મુકામેની નોટરી સમક્ષની** રજુ કરેલી છે અને તેના આધારે ભોગ બનનારે ધોરણ–૧ માં પ્રવેશ લીધેલાનું PW–23 નાઓએ જણાવેલ છે અને આંક–૧૧૬ ના પુરાવાની વિગતો જોતાં ભોગ બનનારે તા.૧૩.૦૬.૨૦૧૧ ના રોજ પ્રવેશ મેળવેલો છે. તેમજ PW–7 નાએ ઉલટતપાસ માં કબુલ કરેલ છે કે, તેમની **ભોગ બનનાર દિકરીનો જન્મ ઘરે થયેલ હતો** અને **તેણીના જન્મની નોંધણી તેઓએ કરાવેલ ન હતી** અને **તેણીના જન્મની નોંધણીના કોઈ આધાર પુરાવા તેમની પાસે નથી.** ત્યારબાદ PW–8 નાઓએ પણ તેમની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, **તેમની ભોગ બનનાર પુત્રીનો જન્મ કયારે થયો તે યાદ નથી.** તેમની **ભોગ બનનારની દિકરીનો જન્મ રાજસ્થાન મુકામે તેમના ગામ થયેલ હતો** અને **રાજસ્થાન મુકામે કોઈપણ સરકારી ઓફીસમાં તેમની ભોગ બનનાર દિકરીના જન્મની નોંધણી તેઓએ કરાવેલ નથી** અને તેમની ભોગ બનનાર દિકરીને ૩ મહિના થતા સુરત લઈ આવેલ અને ભોગ બનનારના ત્રણ વર્ષ પુર્ણ થતા ચોથા વર્ષમાં આવતા તેણીને સ્કુલમાં દાખલ કરેલી. આમ, સદર વિગતો જોતાં એ હકીકત સ્પષ્ટપણે જણાય આવે છે કે, હાલના કામે ભોગ બનનારનો જન્મ ઘરે થયેલ છે અને તેની કોઈ નોંધણી કચેરીમાં કરાવવામાં આવેલ નથી અને જે ભોગ બનનારની જન્મ તારીખ જણાવવામાં આવેલ છે તે ભોગ બનનારના પિતા PW–7 નાઓએ PW–23 ના જણાવ્યા મુજબ અને આંક–૧૧૫ મુજબ ભોગ બનનારની જન્મ તારીખ જણાવ્યા બાદ ત્રણ વર્ષ, દશ માસ અને છવ્વીસ દિવસ પછી PW–7 નાએ એફીડેવીટ કરેલાનું જણાય આવે છે અને તેમાં તેઓએ ભોગ બનનારની જન્મ તારીખ કયા આધારે લખાવેલી છે તેની કોઈ કડીબધ્ધ વિગતો રજુ કરેલી નથી.

૧૨.૪ તેમજ, PW–8 નાએ જણાવેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરીને ચોથા વર્ષમાં આવતા ધોરણ–૧ માં મુકેલ છે. આમ, સરકારી નિયમો જોતાં સામાન્ય રીતે પાંચ

વર્ષ પુર્ણ થયા પછી બાળકને ધોરણ–૧ માં પ્રવેશ આપવામાં આવતો હતો. તેમજ હાલના ભોગ બનનારની ઉંમર જોતાં ચાર વર્ષથી પણ નાની વયની છે. તેમજ સદર **સ્કુલ** xxxx એજયુકેશન ટ્રસ્ટ અને મેડીકલ ટ્રસ્ટ સંચાલિત હોવાનું આંક–૧૧૫ ઉપરથી જણાય આવે છે.

આથી, જયારે ભોગ બનનારના જન્મ અંગેની નોંધ જ થયેલી ન હોય ત્યારે તેને જન્મ અને મરણ રજીસ્ટ્રેશન એકટ અન્વયે નોધ થવી જરૂરી છે જેથી, આ તબકકે સદર કાયદાની જોગવાઈ જોવી જરૂરી જણાય આવતી હોય તે નીચે મુજબની છે. THE REGISTRATION OF BIRTHS AND DEATHS ACT, 1969 ની જોગવાઇને ધ્યાને લેતા,...

*13. Delayed registration of births and deaths.—*
*(1) Any birth or death of which information is given to the Registrar after the expiry of the period specified therefor, but within thirty days of its occurrence, shall be registered on payment of such late fee as may be prescribed.*
*(2) Any birth or death of which delayed information is given to the Registrar after thirty days but within one year of its occurrence shall be registered only with the written permission of the prescribed authority and on payment of the prescribed fee and the production of an affidavit made before a notary public or any other officer authorised in this behalf by the State Government.*
*(3) Any birth or death which has not been registered within one year of its occurrence, shall be registered only on an order made by a magistrate of the first class or a Presidency Magistrate after varifying the correctness of the birth or death and on payment of the prescribed fee.*
*(4) The provisions of this section shall be without prejudice to any action that may be taken against a person for failure on his part to register any birth or death within the time specified therefor and any such birth or death may be registered during the pendency of any such action.*

આથી, આ ઉપર મુજબની જોગવાઇને ધ્યાને લેતા, માત્ર એફીડેવીટ આંક–૧૧૫ ના આધારે ભોગ બનનારની જન્મ તારીખ PW–7 નાએ લખાવેલી છે. જેથી સદર જોગવાઇનું પાલન થયેલ હોય તેમ જણાય આવતુ નથી. જે જોતાં ભોગ બનનારની સાચી જન્મ તારીખ હોય તે એફીડેવીટ આધારે માની શકાય નહિં. જેથી આ કામે રેકર્ડ ઉપર આવેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ જોતાં ફરીયાદીએ ફરીયાદ સમયે ભોગ બનનારનો ઉંમરનો પુરાવો રજુ કરેલ નથી. તેમજ

રજુ થયેલ પુરાવાઓ પણ સ્પષ્ટ રીતે કડીબધ્ધ જણાય આવતા નથી અને તેવા પુરાવાઓ આધારે ભોગ બનનારની જન્મ તારીખ સાચી હોય તેવી હકીકત માની શકાય નહિં, જેથી નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો બચાવપક્ષની વિગતોને મદદરૂપ થાય છે.

૧૨.૫ વધુમાં, ફરીયાદપક્ષે તપાસેલ PW–21 ની ઉલટતપાસ માંહેથી ભોગ બનનારના એડમીશન ફોર્મમાં અુધરી વિગતો હોવાનું અને તેમાં જન્મ તારીખ લખેલ ન હોવાનું તેમજ એડમીશન ફોર્મમાં પ્રિન્સીપાલની સહી ન હોવાનું તેમજ આંક–૪૮ થી રજુ સર્ટીફીકેટમાં પ્રિન્સીપાલ તરીકે તેમની સહી ન હોવાનું તેમજ ભોગ બનનારના માતાપિતાએ જે ડીટેઇલ ભરેલ તેની તેઓએ કોઇ ખરાઇ કરેલ ન હોવાનું તેમજ ભોગ બનનારે ધોરણ–૧ થી ૩ માં જે સ્કુલમાં અભ્યાસ કરેલ તે અંગેના પુરાવા તેમની સ્કુલમાં રજુ કરેલ ન હોવાની વિગતો રેકર્ડ ઉપર આવેલ છે.

૧૨.૬ વધુમાં, આરોપી તરફે આરોપીનાં વિ.વ.શ્રીએ નામદાર સુપ્રિમ કોર્ટનો **P. P. Yuvaprakash vs State Rep. By Inspector Of Police, 2023 (0) AIJEL-SC 71210** નો માર્ગદર્શક ચુકાદો રજુ કરેલ છે, જે માનસહ વંચાણે લેતાં તેના પેરા નં.૧૩ અને ૧૪ માં નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

*13. It is evident from conjoint reading of the above provisions that wherever the dispute with respect to the age of a person arises in the context of her or him being a victim under the POCSO Act, the courts have to take recourse to the steps indicated in Section 94 of the JJ Act. The three documents in order of which the Juvenile Justice Act requires consideration is that the concerned court has to determine the age by considering the following documents:*

*"(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;*

*(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;*

*(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board".*

*14. Section 94 (2)(iii) of the JJ Act clearly indicates that the date of birth certificate from the school or matriculation or equivalent certificate by the concerned examination board has to be firstly preferred in the absence of which the birth certificate issued by the Corporation or Municipal Authority or*

*Panchayat and it is only thereafter in the absence of these such documents the age is to be determined through "an ossification test" or "any other latest medical age determination test" conducted on the orders of the concerned authority, i.e. Committee or Board or Court. In the present case, concededly, only a transfer certificate and not the date of birth certificate or matriculation or equivalent certificate was considered. Ex. C1, i.e., the school transfer certificate showed the date of birth of the victim as 11.07.1997. Significantly, the transfer certificate was produced not by the prosecution but instead by the court summoned witness, i.e., CW-1. The burden is always upon the prosecution to establish what it alleges; therefore, the prosecution could not have been fallen back upon a document which it had never relied upon. Furthermore, DW-3, the concerned Revenue Official (Deputy Tahsildar) had stated on oath that the records for the year 1997 in respect to the births and deaths were missing. Since it did not answer to the description of any class of documents mentioned in Section 94(2)(i) as it was a mere transfer certificate, Ex C-1 could not have been relied upon to hold that M was below 18 years at the time of commission of the Offences*.

ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક ચુકાદાને ધ્યાને લેતાં ફરીયાદપક્ષે ભોગ બનનારનો કોઇ ઓસીફીકેશન ટેસ્ટ કરાવવામાં આવેલ હોય તેવુ જણાય આવતુ નથી. તેમજ ભોગ બનનારનું મેટ્રીપોલીશન બોર્ડ દ્વારા બર્થ સર્ટીફીકેટ આપવામાં આવેલ હોય તેવો કોઇ પુરાવો રજુ થયેલ નથી કે, કોઇ મ્યુનસીપલ ઓથોરીટી કે, પંચાયત દ્વારા પણ ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર ઇસ્યુ કરવામાં આવેલ હોય અને તે રજુ થયેલ હોય તેવુ જણાય આવતુ નથી. ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવામાં ભોગ બનનારની જન્મ તારીખ ભોગ બનનારના ધોરણ–૧ ના સ્કુલ પ્રવેશ ફોર્મમાં જે લખવામાં આવેલ છે તે ભોગબનનારના પિતા PW–7 ની એફીડેવીટ આધારે લખવામાં આવેલાનું સ્પષ્ટપણે જણાય આવે છે. તેમજ ભોગ બનનારના પુરાવાથી જ તેમની સગાઇ પણ તેમના સમાજના છોકરા સાથે થયેલાનું જણાય આવે છે જે હકીકત જોતાં પણ ભોગ બનનાર પુખ્તવયની હોય તેવી વિગત જણાય આવે છે. આરોપી તરફે મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, ભોગ બનનારની ઉંમર બાબતે ફરીયાદપક્ષે કોઇ સચોટ અને ચોકકસ પુરાવો રજુ કરેલ નથી, તેમજ રજુ કરેલા પુરાવામાં શંકા ઉત્પન્ન થાય છે. આથી, ભોગ બનનારે સગીર નહી હોવાની હકિકતો ગ્રાહ્ય રાખવા

યોગ્ય જણાય આવે છે અને ઘટના સમયે ભોગ બનનાર સગીર હોવાની બાબત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ અસફળ રહેલ હોય તેવી આરોપીના વિ.વ.શ્રીની દલીલ ગ્રાહ્ય રાખવા યોગ્ય જણાય આવે છે.

આમ, ફરીયાદપક્ષના પુરાવાઓની વિગતોને ધ્યાને લેતા, ભોગ બનનારનો જન્મ રાજસ્થાન મુકામે PW–૪ ના ઘરે થયેલ હોવાની તેમજ, ભોગ બનનારની જન્મની નોંધણી કરેલી ન હોવા છતાં ફરીયાદપક્ષે જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૯૪ અન્વયે કે, પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો મુજબ ભોગ બનનાર સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોય **મુદા નં.૧** નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

૧૩. **<u>મુદ્દા નં.૨ તથા ૩:</u>–**

૧૩.૧ **<u>ફરિયાદી તથા તેમના પક્ષના મહત્વના સાહેદો</u>:–**

ઉપરોક્ત મુદા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ ભોગ બનનાર સગીર વયની હોવાનું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય જેથી આરોપી સામે પોકસો એકટની જોગવાઇઓ લાગુ પડતી ન હોય જેથી તે અંગેની કોઇ ચર્ચા કરવી અસ્થાને ગણાશે.

હવે, મુદા નં.૨ અને ૩ બંને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવા સારૂ સરળતા ખાતર તે તમામની ચર્ચા અત્રે એકી સાથે કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષ દ્બારા રજુ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેથી, હાલના કામે મુદ્દા નં.૨ માં ફરિયાદપક્ષે મુખ્યત્વે સાબિત કરવાનું છે કે, આ કામના આરોપી નં.૩ નાએ તા.૦૭.૦૫.૨૦૨૨ ના કલાક: ૧૫/૩૦ વાગ્યાના સુમારે ફરીયાદીની બહેન ભોગબનનારને ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી કડોદરા ખાતે લઇ જઇ તેમજ આરોપી નં.૧, ૨ નાએ કડોદરા ખાતે મકાન ભાડે રાખી તેમજ આરોપી નં.૩ નાએ અડધી રાત્રીના જબરજસ્તીથી ભોગ બનનારે પહેરેલ કપડા ઉતારી, તેના છાતીના ભાગે હાથ ફેરવી, તેના હોઠ તેમજ ગાલ પર ચુંબન કરી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ તથા આરોપી નં.૨ નાએ ભોગ બનનાર તેઓની દિકરી છે તેવી આજુબાજુમાં ઓળખ આપેલ, તેમજ આરોપી નં.૩ ને ભોગ બનનારની સાથે

કડોદરા ખાતે મકાન ભાડે રાખી દીધેલ અને આરોપી નં.૩ નાએ ભોગ બનનારને તેઓની સાથે લગ્ન કરવાની લાલચ આપી, તેનું અપહરણ કરી કડોદરા ખાતે ભાડાના મકાનમાં લઈ જઈ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી, એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે.

જે અંગે ફરિયાદપક્ષે રજુ પુરાવાઓને ધ્યાને લેવામાં આવેથી, ફરિયાદપક્ષે મુખ્ય સાહેદ ભોગબનનાર (PW–6) ને આંક–૪૬ થી તપાસવામાં આવેલા છે અને તેઓ મહત્વના સાહેદ છે અને તેઓ જ બનાવ અંગેની સાચી હકીકત જણાવી શકે છે. સદર કામે ભોગ બનનારે તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ તેમના માતા–પિતાના કુલ ચાર બાળક છે જેમાં તેઓ બીજા નંબરનું સંતાન છે. તેમની જન્મ તા.૧૭.૧૨.૨૦૦૫ છે. તેઓએ ધોરણ–૧ થી ૩ સુધી xxxx સુરત ખાતે અભ્યાસ કરેલ હતો અને ત્યારબાદ ધોરણ–૪ થી ૬ સુધી તેઓએ બારડોલી ખાતે અને ત્યારબાદ ધોરણ–૭ થી સુરત ખાતે અભ્યાસ કરેલ છે. તેઓએ xxxx સ્કુલના સર્ટીફિકેટની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. સને–૨૦૨૦ ની સાલમાં તેમની પ્રતિક સાથે ઈન્સ્ટાગ્રામ પર વાતચીત થયેલી અને ત્યારબાદ મિત્રતા થયેલી અને ત્યારબાદ અવારનવાર બહાર ફરવા જતા હતા અને ત્યારબાદ તા.૨૭.૦૨.૨૦૨૨ ના રોજ પ્રતિક તેઓને ટ્રેનમાં બેસાડી દિલ્હી લઈ ગયેલ અને તેઓ ત્યાં ત્રણ દિવસ સુધી રોકાયેલા. ત્યારબાદ પ્રતિક તેમને દિલ્હીમાં બે દિવસ સુધી વધુ રોકાવાનુ કહેતો હતો પણ તેઓએ ના કહેલ તેથી તેઓ ફરીથી સુરત ખાતે આવી ગયેલ હતા અને તેના થોડા દિવસ બાદ પ્રતિકનો તેમના ઉપર ફોન આવેલો અને જણાવેલુ કે, તેની સગાઈ નક્કી કરેલ છે તેઓ તેની સાથે આવવા માંગે છે ત્યારે તેઓએ તેને લગ્ન કરવા માટે ના પાડેલ હતી. ત્યારબાદ તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ તેમના પિતા કામ ઉપર ગયેલા અને તેમની માતા સાથે તેઓ એકલા હતા ત્યારે પ્રતિકનો તેમના ઉપર ફોન આવેલો અને જણાવેલુ કે, સોસાયટીની બહાર આવ તેણે તેઓની સાથે વાત કરવી છે. જેથી તેઓ ત્યાં ગયેલ અને ત્યારબાદ પ્રતિકે તેમને એક રીક્ષામાં બેસાડેલી અને તેમને એક ચોકલેટ આપેલી અને તેઓએ તે ચોકલેટ ખાધી હતી અને તેઓ બેભાન થઈ ગયેલ. જ્યારે તેમને ભાન આવેલ ત્યારે તેઓ પ્રતિકના ઘરે તાતીથૈયા વિસ્તારમાં હતા અને તેમના હાથ–પગ બાંધેલ હતા અને તેઓને કહેલ

કે, તુ અહીંથી ભાગવાની કોશીષ કરતી નહી તારાથી કશુ થવાનુ નથી. પ્રતિકના ઘરમાં પ્રતિક તથા તેના માતા–પિતા અને બહેન હતા. ત્યારબાદ તેઓએ ૪–૫ દિવસ પછી જણાવેલ કે, તને તારા ઘરે મુકી આવીશુ જેથી તેઓએ તેમની વાત પર વિશ્વાસ રાખેલો અને ત્યારબાદ તેઓએ ભુખ લાગેલ હોવાથી તે ખાધા પછી તેઓ બેભાન થઈ ગયેલ. ત્યારબાદ તેઓને કડોદરા ખાતે એક વિસ્તારમાં લઈ આવેલા અને એક મકાનમાં રાખેલ જે મકાનમાં પ્રતિકના માતા–પિતા અને તેની બહેન હતી અને પ્રતિક અઠવાડીયે એક વખત ઘરે આવતો હતો અને ઘરે આવતો હતો ત્યારે તે તેમની સાથે જબરજસ્તીથી સેક્સ કરતો હતો. તેઓને ત્યારબાદ જમવાનુ ભાવતુ ન હતુ ત્યારે પ્રતિકની માતા જણાવતી હતી કે, પ્રેગનન્સી દરમ્યાન તને જમવાનુ ભાવશે નહી પરંતુ તેઓને આ બધી બાબતની જાણ ન હતી અને તેઓએ તેમને ઘરે મોકલવાનું કહેલ હતુ, જેથી ત્યાં તેઓ તેમની વાતમાં વિશ્વાસ રાખીને રહેતા હતા. ત્યારબાદ એક દિવસ પ્રતિકનો તેની માતા સાથે ઝઘડો થયેલો અને ઝઘડામાં ફોન નીચે પડી ગયેલો જે ફોન તેમની પાસે આવતા તેઓએ ફોન પરથી તેમના ભાઈને લોકેશન મોકલી આપેલુ. જે બાબતની જાણ પ્રતિકને થયેલી તેથી પ્રતિક અને તેના માતા–પિતા બીજી જગ્યા પર મુકવાની વાતચીત કરતા હતા જેથી તેમનો ભાઈ અને તેના મિત્ર તેઓને શોધતા શોધતા તે વિસ્તારમાં આવેલ જ્યાં તેમને પ્રતિક દેખાઈ ગયેલ હતો. પ્રતિક તેમને જોઈને ભાગવા લાગેલ હતો અને તેણે બિલ્ડીંગના બીજા માળેથી નીચે કુદકો મારેલ હતો. જેથી તેના પગના ભાગે ઈજા થયેલ હતી અને ત્યારબાદ તેમનો ભાઈ તેમની પાસે આવેલ અને તેઓને લઈને કડોદરા પોલીસ સ્ટેશન ગયેલ. જ્યાં પોલીસે તેમની પુછપરછ કરેલી અને તેઓએ બનાવ અંગેનું નિવેદન પોલીસમાં આપેલ હતુ. તેઓ પોલીસ સાથે તેમની મેડીકલ ચકાસણી કરાવવા માટે હોસ્પિટલ ગયેલ હતા જ્યાં હાજર ડોક્ટરે તેમની મેડીકલ તપાસ કરેલ અને તેમના મેડીકલ સેમ્પલો લીધેલ અને તેઓએ ડોક્ટરને બનાવ અંગેની હકીકત જણાવેલી. તેઓએ વિ. જજશ્રી રૂબરૂના સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં તેમની સહી હોવાનું જણાવેલ છે, જે આંક–૪૭ થી રજુ છે. તેઓ પ્રેગનેન્ટ હતી અને તેમની ઉંમર નાની હોવાથી તેમના ઘરવાળાની સાથે વાત કરીને ગર્ભપાત કરાવવાનુ તેઓએ નક્કી કરેલ.

જયારે ભોગ બનનારે તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેમની પ્રતિક સાથે મિત્રતા એક વર્ષ ચાલેલી અને ત્યારબાદ તેઓ દિલ્હી ગયેલ હતા. આ એક વર્ષના સમય દરમ્યાન તેઓ પ્રતિક સાથે ઈન્સ્ટાગ્રામ પર વાત કરતા હતા. તેમની અને તેમની માતા વચ્ચે એક કોમન મોબાઈલ હતો જેના મારફતે તેઓ ઈન્સ્ટાગ્રામ પરથી પ્રતિક જોડે વાત કરતી હતી. પ્રતિક સાથે તેમની પ્રથમ મુલાકાત ઈન્સ્ટાગ્રામ પર થઈ હતી. આ એક વર્ષના સમય દરમ્યાન પ્રતિકે તેમને એવુ જણાવેલ કે, તેઓ એક દુકાન પર કામ કરે છે. આ એક વર્ષના સમય દરમ્યાન તેઓએ જાતે રૂબરૂ જઈને પ્રતિક ક્યાં રહે છે અને શું કામ કરે છે તેની તપાસ કરેલ નહી. તેઓ પ્રતિક સાથે ઈન્સ્ટાગ્રામ પર વાત કરતી હતી તેની જાણ તેમના માતા-પિતાને ન હતી અને તેઓએ પણ તેની જાણ તેમના માતા-પિતાને કરેલ ન હતી. આ એક વર્ષની મિત્રતા દરમ્યાન તેઓ પ્રતિક સાથે સુરતમાં કોઈ પણ જગ્યાએ ફરવા ગયેલ નથી.

પ્રતિકે તેમને દિલ્હી જવા માટે ત્રણ દિવસ પહેલા જાણ કરેલ હતી. સુરતથી દિલ્હી જવા માટે તેઓ અને પ્રતિકે ત્રણ થી ચાર ટ્રેનો બદલેલી. તેઓ અને પ્રતિકે નક્કી કરેલ હતુ કે, અલગ અલગ ટ્રેન બદલીને અલગ અલગ જગ્યાએ રોકાઈને દિલ્હી ગયેલ હતા. તેઓ બંને જણા ટ્રેન બદલવા માટે સ્ટેશન પર જ રોકાતા હતા. તેઓને સ્ટેશનોના નામ યાદ નથી. સુરતથી દિલ્હી પહોંચતા તેઓને એક દિવસ લાગેલ હતો. તેઓ લોકો તા.૨૭.૦૨.૨૦૨૨ ના રોજ સુરતથી દિલ્હી જવા માટે નીકળેલા અને તા.૨૮.૦૨.૨૦૨૨ ના રોજ દિલ્હી પહોંચેલા હતા. સુરત થી દિલ્હી જવા માટે રેલ્વે સ્ટેશન પર રોકાતા હતા. તેઓ સુરતથી દિલ્હી જવા માટે દરેક સ્ટેશને ૧૫ થી ૨૦ મિનીટ જેટલુ રોકાયેલા અને ટ્રેનો બદલીને દિલ્હી પહોંચેલા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, દરેક રેલ્વે સ્ટેશન પર ભીડભાડ હોય છે અને ત્યાં પોલીસના માણસો તેમજ પબ્લીક હોય છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ રેલ્વે સ્ટેશન ઉપર કોઈને પણ એવી હકીકત જણાવેલ નહી કે, પ્રતિક તેમને બળજબરીથી લઈ જાય છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પ્રતિક સાથે દિલ્હી જવાની વાત તેઓએ તેમના ઘરમાં કોઈને કરેલ નહી. તેઓ દિલ્હીથી પરત આવેલ ત્યારે તેમની મમ્મીને જણાવેલ કે, તેઓ પ્રતિક સાથે

દિલ્હી ગયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, "હું દિલ્હી થી પરત આવેલી ત્યારે મારી મમ્મીને જણાવેલ કે, હું પ્રતિક સાથે દિલ્હી ગયેલ હતી." તેઓએ ટ્રેનમાં મુસાફરી રીઝર્વેશન કરીને કરી હતી. આ ચારેય દિવસ દરમ્યાન તેઓ અને પ્રતિકે સાથે મુસાફરી કરેલી, ચા–નાસ્તો કરેલો અને પબ્લીકની વચ્ચે ટ્રેનમાં મુસાફરી કરી હતી. દિલ્હીમાં તેઓ અક્ષરધામ મંદિરે દર્શન કરીને સુરત પરત આવવા માટે નીકળી ગયા હતા. દિલ્હી થી સુરત તેઓ એક જ ટ્રેનમાં પરત આવેલ હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ત્યારે પણ ટ્રેનમાં લોકો હતા અને મુસાફરી દરમ્યાન તેઓ ચા–નાસ્તો કરેલો અને જમેલા હતા.

તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ તેઓ ફરીથી પ્રતિક સાથે સુરતમાં તાતીથૈયા, કડોદરા ખાતે ગયેલ. આ દિવસે પણ તેઓએ ઘરે કોઈને વાત કરેલ નહી કે, પ્રતિક તેમને મળવા માટે બોલાવે છે. આ દિવસે તેઓ પ્રતિક સાથે સુરતમાં ફરવા જવા નીકળેલ ત્યારે ઘરમાં તેમના મમ્મી એકલા જ હતા અને તે સુતા હતા જેથી તેઓએ તેમને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયેલ.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "જેથી હું ત્યાં ગયેલી અને ત્યારબાદ પ્રતિકે મને એક રીક્ષામાં બેસાડેલી અને મને એક ચોકલેટ આપેલી અને મે તે ચોકલેટ ખાધી હતી અને હું બેભાન થઈ ગયેલ અને જ્યારે મને ભાન આવેલ ત્યારે હું પ્રતિકના ઘરે તાતીથૈયા વિસ્તારમાં હતી અને મારા હાથ–પગ બાંધેલ હતા અને મને કહેલ કે, તુ અહીંથી ભાગવાની કોશીષ કરતી નહી તારાથી કશુ થવાનુ નથી." એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "મને ભુખ લાગેલ હોવાથી તે ખાધા પછી હું બેભાન થઈ ગયેલ અને ત્યારબાદ તેઓ કડોદરા ખાતે એક વિસ્તારમાં લઈ આવેલા અને એક મકાનમાં મને રાખેલ." એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "મને ત્યારબાદ જમવાનુ ભાવતુ ન હતુ ત્યારે પ્રતિકની માતા મને જણાવતી હતી કે પ્રેગનન્સી દરમ્યાન તને જમવાનુ ભાવશે નહી પરંતુ મને આ બધી બાબતની જાણ ન હતી." એ

વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, "જે બાબતની જાણ પ્રતિકને થયેલી તેથી પ્રતિક અને તેના માતા–પિતા બીજી જગ્યા પર મુકવાની વાતચીત કરતા હતા જેથી મારો ભાઈ તેના મિત્ર મને શોધતા શોધતા તે વિસ્તારમાં આવેલ."

એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ડોક્ટર રૂબરૂ કોઈ હકીકત જણાવેલ નહી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીને ડોક્ટર રૂબરૂ લઈ ગયાના ૧૫ દિવસ બાદ વિ. મેજી.શ્રી રૂબરૂના ક્રિ.પ્રોસી.કોડની કલમ ૧૬૪ ના નિવેદન માટે લઈ ગયેલ હતા.

આથી, ભોગ બનનારના સોગંદ ઉપરના પુરાવાની વિગતો જોતા તેણીનો મૌખીક પુરાવો તેણીએ આપેલા પોલીસ નિવેદન, વિ. મેજી.શ્રી રૂબરૂના ૧૬૪ મુજબના નિવેદનમાં અને ડોક્ટર સમક્ષની આપેલી હિસ્ટ્રીની મહત્વની અને મુખ્ય વિગતો તદન વિસંગત અને વિરોધાભાસી જણાય આવે છે.

અહિંયા, એ ઉલ્લેખનીય છે કે, જયારે કોઇ પણ આરોપી આ પ્રકારના ગુનાઓ કરે ત્યારે તેવી ઘટનાઓની મહત્વની સાક્ષી એક માત્ર ભોગ બનનાર જ હોય છે. તેમજ, અત્રે પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ ની જોગવાઈઓ મુજબ અનુમાન કરતા હાલના ભોગ બનનારના પુરાવામાંથી બનાવો ગુનાહીત ઈરાદા સહીતના બનેલાના હોવાનો સત્યતાસભર, વિશ્વનીય અને ભરોસાપાત્ર વિગતો તેણીના પુરાવામાંથી જણાય આવતી ન હોય ત્યારે ભોગ બનનારે જણાવેલી વિગતોને માની શકાય નહી. આથી, ઉપર મુજબના ભોગ બનનારના પુરાવાની વિગતો મુલ્યાંકન તથા અવલોકન કરતા તે સંપૂર્ણ રીતે વિશ્વનીય અને ભરોષાપાત્ર જણાય આવતી નથી.

૧૩.૨ આ કામે ફરીયાદ પક્ષના પુરાવામાં ફરીયાદી PW–2 કે, જેણે ફરીયાદ કરેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ તેમની બહેન તેમના ઘરેથી તેમના મિત્રને મળવા જાવ છું તેવું તેમની મમ્મીને કહીને નિકળેલી તેણીની ઘણી તપાસ કરવા છતાં તે મળી આવેલ નહી અને ત્યારબાદ તેઓને તેમને લગભગ બે માસ પછી તેમના મોબાઈલ પર તેમની ભોગબનનાર બહેને લોકેશન મોકલેલ તેથી તેઓ કડોદરા વિસ્તારમાં ગયેલા અને તેણીની

શોધખોળ કરેલી અને તેણીની મળેલી નહી અને પછી પ્રતિક જોવા મળેલો અને તેઓએ તેનો પીછો કરેલો અને તે તેમને જોતા ભાગીને જતો હતો ત્યારે પડી ગયેલો અને સોસાયટીના બધા ભેગા થઇ ગયેલા અને તેની બહેન પણ ત્યાં આવેલી.

જયારે તેમની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ તેમની બહેન ગુમ થયા અંગેની ફરીયાદ આપેલ હતી અને તેમને આરોપી સાથે રોડ પર ઝઘડો થતા સૌ પ્રથમ તેઓએ તેણીને જોયેલ, તેઓ વચ્ચે ઝઘડો થતા લોકોએ પોલીસ બોલાવેલી અને ત્યાંથી તેઓ પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યાંથી તેમની બહેનને ઘરે લઇ ગયેલ. તેમનું વધારાનું નિવેદન પોલીસે લીધેલ નથી.

૧૩.૩ તેમજ, PW-7 નાએ જણાવેલ છે કે, ભોગબનનાર તેમના ઘરેથી ગયેલી તે વખતે તેઓ હાજર ન હતા પરંતુ નોકરી પર હતા અને ભોગબનનારને ઘરેથી ગયા બાદ બે મહીના પછી પોલીસ સ્ટેશનમાં જોયેલ હતી અને પોલીસ સ્ટેશનમાં તેમની દિકરીને કોણ લાવેલ તેની ખબર નથી. તેમની ભોગબનનાર દીકરી એ તેમને કોઇ વાત કરેલી નથી.

૧૩.૪ જયારે, PW-8 નાએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, પોલીસે તેમનું નામઠામ પુછેલુ અને નિવેદનમાં શું લખેલું તે તેમને વાંચી સંભળાવેલ નથી અને બનાવ અંગેની તેમને કોઇ જાત માહીતી નથી અને તેમની ભોગબનનાર દીકરી કોની સાથે ગયેલ અને કોની સાથે રહેતી હતી તેની તેને કોઇ જાત માહીતી નથી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક ચુકાદા **S. Varadarajan vs State Of Madras, 1965 AIR 942** ને માનસહ વંચાણે લેતા તેમાં નીચે મુજબ હેલ્ડ કરેલ છે કે,....

*The question whether a minor can abandon the guardianship of his or her own guardian and if so the further question whether Savitri could, in acting as she did, be said to have abandoned her father's guardianship may perhaps not be very easy to answer. Fortunately, however, it is not necessary for us to answer either of them upon the view which we take on the other question raised before us and that is that "taking" of Savitri out of the keeping of her father has not been established.*

*The offence of "kidnapping from lawful guardianship" is defined thus in*

*the first paragraph of s. 361 of the Indian Penal Code :*
*"Whoever takes or entices any minor under sixteen years of age if a male, or under eighteen years of age if a female, or any person of unsound mind, out of the keeping of the lawful guardian of such minor or person of unsound mind, without the consent of such guardian, is said to kidnap such minor or person from lawful guardianship."*

*It will thus be seen that taking or enticing away a minor out of the keeping of a lawful guardian is an essential ingredient of the offence of kidnapping. Here, we are not concerned with enticement but what, we have to find out is whether the part played by the appellant amounts to "taking", out of the keeping of the lawful guardian, of Savitri. We have no doubt that though Savitri had been left by S. Natarajan at the house of his relative K. Natarajan, She still continued to be in the lawful keeping of the former but then the question remains as to what is it which the appellant did that constitutes in law "taking". There is not a word in the deposition of Savitri from which an inference could be drawn that she left the house of K. Natarajan at the instance or even a suggestion of the appellant. In fact she candidly admits that on the morning of October 1st, she herself telephoned to the appellant to meet her in his car at a certain place, went up to that place and finding him waiting in the car got into that car of her own accord. No doubt, she says that she did not tell the appellant where to go and that it was the appellant himself who drove the car to Guindy and then to Mylapore and other places. Further, Savitri has stated that she had decided to marry the appellant. There is no suggestion that the appellant took her to the Sub- Registrar's office and got the agreement of marriage registered there (thinking that this was sufficient in law to make them man and wife) by force or blandishments or, anything like that. On the other hand the evidence of the girl leaves no doubt that the insistence of marriage came from her own side. The appellant, by complying with her wishes can by no stretch of imagination be said to have taken her out of the keeping, of her lawful guardian. After the registration of the agreement both the appellant and Savitri lived as man and wife and visited-different places. There is no suggestion in Savitri's evidence, who, it may be mentioned had attained the age of discretion and was on the verge of attaining majority that she was made by the appellant to accompany him by administering any threat to her or by any blandishments. The fact of her accompanying the appellant all along is quite consistent with Savitri's own desire to be the wife of the appellant in which the desire of accompanying him wherever he went was of course implicit. In these circumstances we find nothing from which an inference could be drawn that the appellant had been guilty of taking away Savitri out of the keeping of her father. She willingly accompanied him and the law did not cast upon him the*

*duty of taking her back to her father's house or even of telling her not to accompany him. She was not a child of tender years who was unable to think for herself but, as already stated, was on the verge of attaining majority and was capable of knowing what was good and what was bad for her. She was no uneducated or un- sophisticated village girl but a senior college student who had probably all her life lived in a modern city and was thus far more capable of thinking for herself and acting on her own than perhaps an unlettered girl hailing from a rural area. The learned Judge of the High Court has referred to the decision In re : Abdul Sathar (1) in which it was held that where the evidence disclosed that, but for something which the accused consented to do and ultimately did, a minor girl would not have left her husband's house, or would not have been able to leave her husband's house, there was sufficient taking in law for the purpose of S. 363 and expressing agreement with this statement of the law observed: "In this case the minor, P.W. 4, would not have left the house but for the promise of the appellant that he would marry her." Quite apart from the question whether this amounts to blandishment we may point out that this is not based upon any evidence direct or otherwise. In Abdul Sathar's case(1) Srinivasa Aiyangar J., found that the girl whom the accused was charged with having kidnapped was desperately anxious to leave her husband's house and even threatened to commit suicide if she was not taken away from there and observed :*

*"If a girl should have been wound up to such a pitch of hatred of her husband and of his house or household and she is found afterwards to have gone out of the keeping of her husband, her guardian, there must undoubtedly be clear and cogent evidence to show that she did not leave her husband's house herself and that her leaving was in some manner caused or brought about by something that the accused did. "*

આમ, ઉપરોકત મુજબના માર્ગદર્શક ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત તથા હાલના પ્રસ્તુત કેસના મહત્વના સાહેદો PW–2, PW–6, PW–7 અને PW–8 ના પુરાવાઓને ધ્યાને લેતા હાલના ભોગબનનારનું આરોપીએ અપહરણ કરેલું હોય તેવી હકીકત ફલીત થતી નથી. તેમજ, સદર સાહેદોએ રજુ કરેલા તેમના પુરાવામાં મહત્વની વિગતો વિસંગત અને વિરોધાભાસી જણાય આવે છે અને ફરીયાદપક્ષની વિગતોને કોઇ રીતે સમર્થન મળતું નથી કે, આરોપીઓએ ભોગબનનારનું અપહરણ કરેલુ છે.

૧૪. વધુમાં, ફરીયાદપક્ષના આક્ષેપો મુજબ ભોગ બનનારને કડોદરા ખાતે લઇ જઇ આરોપી નં.૧, ૨ નાએ કડોદરા ખાતે મકાન ભાડે રાખી દીધેલ અને ભોગ

બનનાર સાથે આરોપી નં.૩ નાએ અડધી રાત્રીના જબરજસ્તીથી ભોગ બનનારે પહેરેલ કપડા ઉતારી તેને છાતીના ભાગે હાથ ફેરવેલ, તેના હોઠ તેમજ ગાલ પર ચુંબન કરી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ તથા આરોપી નં.૨ નાએ ભોગ બનનાર તેઓની દિકરી છે તેવી આજુબાજુમાં ઓળખ આપી તેમજ આરોપી નં.૩ ને ભોગ બનનારની સાથે કડોદરા ખાતે મકાન ભાડે રાખી દીધેલ અને આરોપી નં.૩ નાએ ભોગ બનનારને તેઓની સાથે લગ્ન કરવાની લાલચ આપી, તેનું અપહરણ કરી કડોદરા ખાતે ભાડાના મકાનમાં લઇ જઇ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી, એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે.

૧૪.૧ આથી, આ બાબતે રેકર્ડ ઉપર આવેલા પુરાવાઓની વિગતોને ધ્યાને લેતા, ભોગ બનનારે (PW-6) તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને-૨૦૨૦ માં આરોપી સાથે તેઓને ઇન્સ્ટાગ્રામ ઉપર વાતચીત થયેલી અને ત્યારબાદ તેઓ અવારનવાર ફરવા જતા હતા અને તેણીને તા.૨૭.૦૨.૨૦૨૨ ના રોજ આરોપી ટ્રેનમાં બેસાડી દિલ્હી લઇ ગયેલ અને ત્યાં રોકાયેલ હતા અને ત્યારબાદ તેઓ ફરીથી સુરત આવતા રહેલા અને તેઓએ એવુ પણ જણાવેલ છે કે, તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ તેના પિતા કામ ઉપર ગયેલ અને તેની માતા સાથે એકલી હતી ત્યારે આરોપીનો ફોન આવેલ અને ત્યારબાદ તેણી સોસાયટી બહાર ગયેલી અને તેને રીક્ષામાં બેસાડી એક ચોકલેટ આપેલી અને તે ચોકલેટ તેણીએ ખાતા તે બેભાન થઇ ગયેલ અને તે ભાનમાં આવતા તેણી તાતીથૈયા વિસ્તારમાં આરોપીના ઘરમાં હતી અને હાથ પગ બાંધેલા હતા અને તેણીને કહેલ કે, અહીંથી ભાગવાની કોશીષ કરતી નહિં તારાથી કશુ થવાનું નથી અને આરોપીના ઘરમાં તેમના માતાપિતા અને બહેન હતા અને તેઓએ ચાર પાંચ દિવસ બાદ મુકી આવવાનું જણાવતા તેની ઉપર વિશ્વાસ રાખેલ અને તેઓને ભુખ લાગેલ હોવાથી તેઓએ ખાવાનું ખાધેલ અને બેભાન થઇ ગયેલ અને તેઓને કડોદરા મુકામે લઇ ગયેલ અને તે ઘરમાં આરોપીની બહેન અને માતા હતી અને આરોપી એક અઠવાડીયે ઘરે આવતો હતો અને જબરજસ્તી શારિરીક સંબંધ બાંધતો હતો અને ત્યારબાદ તેણીને જમવાનું ભાવતુ ન હતુ અને આરોપીની માતા તેને

જણાવતી હતી કે, પ્રેગનન્સી દરમ્યાન તેને જમવાનું ભાવશે નહિં પરંતુ મને આ બધી બાબતની જાણ ન હતી અને તેઓએ તેણીને ઘર મોકલવાનું કહેલ હતુ તેથી તેમના ઉપર વિશ્વાસ રાખી રહેતા હતા. ત્યારબાદ એક દિવસ પ્રતિકનો તેની માતા સાથે ઝઘડો થયેલ અને ઝઘડામાં ફોન પડી ગયેલ અને તે ફોન તેની પાસે આવતા તેનાથી તેના ભાઇને લોકેશન મોકલેલ. જે બાબતની જાણ પ્રતિકને થયેલી તેથી પ્રતિક અને તેના માતાપિતા બીજે મુકવાની વાત કરતા હતા જેથી તેણીનો ભાઇ શોધતો આવેલ અને પ્રતિક દેખાઇ જતા તેણે બીજા માળેથી કુદકો નીચે મારેલો અને તેના પગના ભાગે ઇજા થયેલી.

જયારે ઉલટતપાસમાં તેણીએ એવુ જણાવેલ છે કે, તે તેની માતાના મોબાઇલથી ઈન્સ્ટાગ્રામ ઉપર વાતચીતો કરતી હતી અને તેની જાણ માતાપિતા ન હતી અને તેણીએ કરેલ ન હતી. એક વર્ષની મિત્રતા દરમ્યાન તેણી પ્રતિક સાથે કોઈપણ જગ્યાએ ફરવા ગયેલ નહિ. તેમજ પ્રતિકે તેણીને ૩ દિવસ પહેલા દિલ્હી જવા માટે જાણ કરેલી. સુરતથી દિલ્હી જવા માટે તેઓએ ત્રણથી ચાર ટ્રેનો બદલેલી અને તેઓ સ્ટેશન ઉપર રોકાતા હતા. તેણીએ એવુ પણ જણાવેલ છે કે, તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ તેણી ફરીથી સુરત ખાતે તાતીથૈયા કડોદરા ખાતે ગયેલી અને તેની વાત કોઈને કરેલ નહિં અને પ્રતિક સાથે સુરતમાં ફરવા નીકળેલ ત્યારે તેની મમ્મી એકલી હતી અને સુતી હતી તેથી જાણ કર્યા વગર ઘરેથી નીકળેલી અને તેણીએ સરતપાસમાં જણાવેલી વિગતોમાં તેણીને ચોકલેટ આપેલી અને બેભાન થઇ ગયેલ અને ભાનમાં આવેલી ત્યારે તાતીથૈયા વિસ્તારમાં હતી અને હાથ પગ બાંધેલા હતા તે લખાવેલ નથી. તેમજ તુ અહીંથી ભાગવાની કોશીષ કરતી નહિ. તેમજ તેણીને ભુખ લાગવાથી તે ખાધા પછી બેભાન થઇ ગયેલ અને કડોદરા ખાતે લઈ આવેલ અને એક મકાન રાખેલુ તેવી વિગત લખાવેલ નથી. ત્યારબાદ તેણીને જમવાનું ભાવતુ ન હતુ ત્યારે પ્રતિકની માતાએ પ્રેગનન્સી દરમ્યાન જમવાનું ભાવશે નહિ તેવુ પણ લખાવેલ નહિ. તેમજ પ્રતિક અને તેના માતાપિતા બીજી જગ્યાએ મુકવાની વાતચીત કરતા હતા. એ વાત પણ ખરી જણાવેલ છે કે, તેણીએ ડોકટર રૂબરૂ કોઇ હકીકત જણાવેલ નથી.

જયારે ભોગ બનનારનું આંક–૪૭ થી રજુ થયેલ સી.આર.પી.સી.ની કલમ ૧૬૪ મુજબનું નિવેદન જોતાં તેણીએ એવુ જણાવેલ છે કે, આરોપીની સ્કુલમાં તે ભણતી હતી અને તે રોજ રસ્તામાં મળતો હતો અને ઈન્સ્ટાગ્રામ ઉપર વાતચીત થતી હતી અને આરોપીએ તેણીના પસર્નલ ફોટો કાઢી લીધેલ અને ધમકી આપતો હતો અને તુ કેમ મારી સાથે વાતચીત કરતી નથી અને ફોટા વાયરલ કરવાની ધમકી આપતો હતો. તેમજ તેની પાસે ફોટા છે વધારે સવાલ જવાબ ના કરે તેવુ જણાવેલ. તેણીને તે સુરતથી રેલ્વે સ્ટેશન લઈ ગયેલ અને ત્યાં ફ્રેન્ડના ઘરે રોકાયેલ અને ગંદા વિડીયો ઉતારલ અને તે વાયરલ કરવાની ધમકી આપેલ અને પીછો છોડાવવો હોય તો પૈસા આપવા પડશે અને બે વાર તેઓએ પૈસા આપેલ અને ત્યારબાદ ઘરેણા આપવાનું જણાવતા ત્રણ લાખના ઘરેણા આપેલા. ૭ મી મે ના રોજ તેણીએ તેમની ઘરના કબાટમાંથી ઘરેણા લીધેલ અને તેણી ડરીને આરોપી સાથે જતી રહેલી અને આરોપી ચોકલેટ જેવુ ખવડાવતુ જેથી તેણી ચુપચાપ બેસી જતી હતી. તેમજ તેણીને કડોદરા ખાતે તેના ઘરે લઈ ગયેલ અને જબરજસ્તી કરેલી અને હાથ પગ બાંધી દીધેલ અને મોઢા ઉપર પટ્ટી મારી લોક કરી જતો રહેલ. આરોપીએ તેણીની સામે તેની માતાને ઘરેણુ આપેલ અને કંઈ ખવડાવેલુ અને બેભાન થઈ ગયેલ અને તેણીએ ઘરે જવાનું કહેતા બે વાર માર મારેલ અને ત્યાંથી ફ્લેટમાં લઈ જઈ રૂમ બંધ કરેલ અને ત્રણ દિવસ બાદ તેના પિતાએ તેણી સાથે જબરજસ્તી કરેલી અને આ વાત તેણી અને તેઓ વચ્ચે રહેવી જોઈએ તેમ આરોપીના પિતાએ કહેલ અને એ લોકો કહેતા કે, છોકરીને ભગાડવી પડશે તેવી વિગતો જણાવેલ છે.

જયારે, ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં તેણીએ એવુ જણાવેલ છે કે, તેણી આરોપીના પ્રેમમાં હતી અને તા.૦૭.૦૪.૨૦૨૨ ના રોજ તેની મરજીથી પ્રતિક સાથે ભાગી ગયેલ હતી અને સુરતથી પ્રતિકના ઘરે તાતીથૈયા રહેલ અને એકવાર મરજીથી કોન્ડમ વગર શારિરીક સંબંધ રાખેલ અને ત્યાંથી શ્રીનિવાસ કડોદરા ખાતે રોકાયેલ અને ત્યાં મરજીથી સંબંધ રાખેલ હતો અને છેલ્લો શારિરીક સંબંધ તપાસના ૧૫ દિવસ પહેલા પ્રતિક સાથે રાખેલ હતો.

જયારે, PW–1 ના પુરાવાની વિગતો જોતાં તેઓએ જણાવેલ છે કે,

તેમની મેડીકલ તપાસ પ્રમાણે ભોગ બનનાર સાથે જબરજસ્તીથી શારિરીક સંબંધ બંધાયેલ હોય તેવા ચિન્હો જણાયેલ ન હતા અને હીસ્ટ્રી ભોગ બનનારે જાતે આપેલ હતી અને ભોગ બનનારની શારિરીક તપાસણી કરતા પ્રેગનન્સી સિવાય કોઈ એબનોર્માલીટી જણાય આવેલ નથી. આમ, ઉપરોકત મુજબનાં પુરાવાની વિગતો જોતાં હાલના કામે ભોગ બનનાર સાહેદ મહત્વના સ્ટાર વીટનેશ કહી શકાય અને તેણીના સોગંદ ઉપરના પુરાવાની વિગતો જોતાં સંપુર્ણ રીતે વિસંગત અને શંકાસ્પદ જણાય આવે છે.

હાલના કામના આરોપી નં.૩ સામે ઇ. પી. કોડની કલમ ૩૭૬ (૨) (જે) અને (એન) મુજબના ગુનાનો આક્ષેપ છે અને આરોપી નં.૧ અને ૨ સામે આરોપી નં.૧ ને ગુનો કરવામાં મદદગારી કરેલાનો આક્ષેપ છે. જેથી પુરાવાથી વિગતો જોતા તે ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોય તેવી હકીકતો ફલીત થતી નથી.

૧૪.૨ આ કામે ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારના ભાઇ/ફરીયાદી (PW–2) આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓએ તેમની સરતપાસમાં મુખ્યત્વે એવુ જણાવેલ છે કે, તેઓ તેમના માતા–પિતાના બે સંતાન છે. જેમાં સૌથી મોટા તેઓ છે અને ત્યારબાદ તેમની બહેન (ભોગ બનનાર) છે. બનાવ સમયે તેમની ભોગબનનાર તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ તેમની બહેન ઘરેથી તેણીની મિત્રને મળવા જાય છે તેવુ તેમની મમ્મીને કહીને નીકળેલી હતી અને તેણીની ઘણી તપાસ કરવા છતાં તે મળી આવેલ નહી અને તેમની મમ્મીનો તેમના ઉપર ફોન આવેલ જેથી તેઓ ઘરે ગયેલ અને તેમની સોસાયટીમાં તથા સગાસંબંધીને ઘરે, તેઓ રહેતા હતા તે વિસ્તારોમાં તપાસ કરતા તેણી મળી આવેલ નહી જેથી કોઈ ઈસમ તેમની ભોગ બનનાર બહેનને તેમના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય તે બાબત ની ફરિયાદ તેઓએ ગોડાદરા પોલીસ સ્ટેશનમાં તા.૦૮.૦૫.૨૦૨૨ ના રોજ આપેલી, જે આંક–૩૦ થી રજુ છે. ત્યારબાદ લગભગ ૨ માસ પછી તેમના મોબાઈલ ઉપર તેમની ભોગ બનનાર બહેને લોકેશન મોકલેલ જેથી તેઓ કડોદરા વિસ્તારમાં ગયેલ અને તેણીની શોધખોળ કરેલી અને તેણી મળેલી નહી પછી તેમને પ્રતિક જોવા મળેલો અને

તેઓએ તેનો પીછો કરેલો અને પ્રતિક તેઓને જોતા ભાગીને જતો હતો ત્યારે તે પડી ગયેલો અને સોસાયટીના બધા ભેગા થયેલા અને તેમની બહેન પણ ત્યાં આવેલી અને ત્યાં પોલીસ આવી ગયેલી અને તેમને પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયેલ. તેમની ભોગ બનનાર બહેને તેમને જણાવેલુ કે, પ્રતિકે તેણીને તેના ઘરે બંધ કરીને રાખેલ અને તેના માતા–પિતા પણ ત્યાં હતા. ત્યારબાદ તેઓએ તેમની ભોગબનનાર બહેનને ઘરે લઈને આવી ગયેલ અને તેમની ભોગ બનનાર બહેને જણાવેલુ કે, પ્રતિક તેમની સાથે દરરોજ શરીર સંબંધ બાંધતો હતો અને પ્રતિકના મમ્મી–પપ્પા તેણીને મારતા હતા અને પ્રતિકના શરીર સંબંધ બાંધવાને કારણે તેમની બહેન ગર્ભવતી થયેલ હતી. તેમની બહેન ગર્ભવતી થતા કોર્ટમાં તેઓએ ગર્ભપાત કરાવવાની અરજી કરેલ અને કોર્ટના હુકમ બાદ તેઓએ તેમની ભોગ બનનાર બહેનનું ગર્ભપાત કરાવેલ હતુ. આરોપીઓને તેઓએ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

ફરીયાદી/ભોગ બનનારના ભાઈની ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોલીસ સ્ટેશનમાં તેમની બહેન ગુમ થયા અંગેની ફરિયાદ આપેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તે બાદ તેમનો આરોપી સાથે રોડ પર ઝઘડો થતા સૌપ્રથમ તેઓએ તેણીને જોયેલ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની બંને વચ્ચે ઝઘડો થતા લોકોએ પોલીસને બોલાવલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ત્યાંથી તેઓ પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યાંથી તેઓ તેમની બહેનને ઘરે લઈ ગયેલ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમનું વધારાનુ નિવેદન લીધેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની ફરિયાદમાં તેઓએ એવી હકીકત લખાવેલ નથી કે, આરોપી તેમની ભોગ બનનાર બહેન સાથે શરીર સંબંધ બાંધતો હતો અને તેના કારણે તેણી ગર્ભવતી બનેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ આરોપીના ઘરે ગયેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની બહેન ૨ મહિના સુધી મળી આવેલ નહી તે દરમ્યાન તે આરોપી સાથે હતી તેવુ તેઓએ તેમની નજરે જોયેલ નથી કે, તે અંગેની તેમને જાત માહીતી નથી. સાહેદે સ્વેચ્છાએ કહેલ છે કે, તેમની બહેન આરોપીના ઘરે હતી તેવુ તેમને તેમની ભોગ બનનાર બહેને જણાવેલ.

૧૪.૩ ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારના પિતા (PW–7) ને સોગંદ ઉપર આંક–૫૧ થી તપાસેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં મુખ્યત્વે એવુ જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૨૫ વર્ષથી સુરત મુકામે ભાડાના ઘરમાં રહે છે અને નોકરી કરી તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓને બે સંતાન છે અને તેમની ભોગબનનાર દિકરી આશરે ૧૮ માસ અગાઉ તેઓ તેમના કામ પર ગયેલ હતા અને તેમની પત્ની તથા તેમની પુત્રી ઘરે હાજર હતા. ત્યારબાદ લગભગ સાંજના સમયે તેમના છોકરાનો તેમના ઉપર ફોન આવેલ અને જણાવેલ કે, ભોગ બનનાર ઘરેથી કશે જતી રહેલ છે અને તેણીની તપાસ કરવા છતાં તે મળી આવેલ નથી જેથી તેઓએ તેમની સોસાયટીમાં તથા સગાસંબંધીને ત્યાં તપાસ કરતા તેણી મળી આવેલ નહી તેથી તેમની પુત્રીને કોઈ ઈસમ લઈ ગયેલ હોય તે મુજબની ફરિયાદ તેમના પુત્રએ પોલીસ સ્ટેશનમાં આપેલ હતી. ત્યારબાદ લગભગ પોણા બે મહિના બાદ તેમની ભોગ બનનાર દીકરી ઘરે આવેલ હતી અને તેમની ભોગ બનનાર દીકરીએ તેમને જણાવેલ કે, પ્રતિક તેમને તેની સાથે લઈને તાતીથૈયા વિસ્તારમાં ગયેલ હતો અને ત્યાં તે તેમની સાથે ગલત કામ કરતો હતો. તેથી તેઓએ તેને પુછેલ કે, તુ એટલા દિવસ કેમ ત્યાં રોકાયેલ હતી તો તેણીએ જણાવેલ કે, તેણીની પાસે મોબાઈલ ન હતો તેથી તેણી કોન્ટેક કરી શકેલ નહી. ત્યારબાદ તેણીએ ભાઈને લોકેશન મોકલતા તે તે વિસ્તારમાં આવેલ અને તેણે પ્રતિકને જોયેલ અને ત્યારબાદ પ્રતિક ત્યાંથી ભાગવા જતા તે પહેલા માળ પરથી પડી ગયેલ હતો અને પ્રતિકના ઘરે તેના મા–બાપ પણ રહેતા હતા. તેમનો પુત્ર તેણીને લઈને પહેલા કડોદરા પોલીસ સ્ટેશન અને ત્યારબાદ ગોડાદરા પોલીસ સ્ટેશન ગયેલ હતો. પોલીસે બનાવ બાબતે તેમની પુછપરછ કરેલ અને તેમનું નિવેદન લીધેલ હતુ. પોલીસ તેમની ભોગ બનનાર દીકરીને લઈને તેણીનું મેડીકલ કરાવવા હોસ્પિટલ ગયેલ હતી.

સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેમના લગ્ન સને–૧૯૮૬ ની સાલમાં થયેલ હતા. તેઓએ એ વિગતોનો કબૂલ કરેલી છે કે, ભોગ બનનાર ઘરેથી ગયેલી તે વખતે તેઓ ઘરે હાજર ન હતા પરંતુ નોકરી પર હતા. ભોગ બનનારને ઘરેથી ગયા બાદ બે મહિના

પછી પોલીસ સ્ટેશનમાં જોયેલ હતી, પોલીસ સ્ટેશનમાં તેમની ભોગ બનનાર દીકરીને કોણ લાવેલ અને કેવી રીતે આવેલી તેની તેમને ખબર નથી, ફરિયાદ તેમના દીકરાએ કરેલ છે, તેમની ભોગ બનનાર દીકરીએ તેમને કોઈ વાત કરેલ નથી, તેમને ગુજરાતી ભાષા વાંચતા થોડુ આવડે છે પરંતુ લખતા આવડતુ નથી, પોલીસે નિવેદનમાં શું લખેલુ તે તેમને પોલીસે વાંચી સંભળાવેલ નહી કે, તેઓએ વાંચેલ નહી અને તેમની ભોગ બનનાર દીકરી પ્રથમ વખત ઘરેથી જતી રહેલ ત્યારે કોઈ ફરિયાદ કરેલ નહી.

આથી, હાલના સાહેદના પુરાવાની વિગતો ધ્યાને લેતા, તેઓ ભોગ બનનારના પિતા થાય છે અને તેઓની આરોપીઓ તરફે લંબાણપૂર્વકની ઉલટતપાસ મેળવેલી છે અને તે જોતા, તેઓએ મહત્વની બાબતોમાં જણાવેલ છે કે, તેમની ભોગ બનનાર દીકરીએ તેમને કોઈ વાત કરેલ નથી, તેમને ગુજરાતી ભાષા વાંચતા થોડુ આવડે છે પરંતુ લખતા આવડતુ નથી, પોલીસે નિવેદનમાં શું લખેલુ તે તેમને પોલીસે વાંચી સંભળાવેલ નહી કે, તેઓએ વાંચેલ નહી અને તેમની ભોગ બનનાર દીકરી પ્રથમ વખત ઘરેથી જતી રહેલ ત્યારે કોઈ ફરિયાદ કરેલ નહી અને હાલની ફરીયાદ તેમના દિકરાએ કરેલી છે.

૧૪.૪ ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારની માતા (PW–8) ને સોગંદ ઉપર આંક–૫૨ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૨૫ વર્ષથી સુરત મુકામે ભાડાના ઘરમાં રહે છે અને તેમના પતિ નોકરી કરી તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમને બે સંતાનમાં મોટો દીકરો અને ત્યારબાદ તેમની ભોગ બનનાર દીકરી છે. બનાવ સમયે તેઓ તથા તેમની પુત્રી ઘરે હાજર હતા અને લગભગ ત્રણેક વાગ્યાના અરસામાં ભોગ બનનાર ઘરેથી નીકળી ગયેલ. જેથી તેઓએ તેમના દીકરાને ફોન કરી ઘરે બોલાવેલ અને તેમનો પુત્ર તથા તેમના પતિ ઘરે આવેલા, ભોગ બનનારની તપાસ કરવા છતાં તે મળી આવેલ નહી. જેથી તેઓએ તેમની સોસાયટીમાં તથા સગાસંબંધીને ત્યાં તપાસ કરતા તેણી મળી આવેલ નહી તેથી તેમની પુત્રીને કોઈ ઈસમ લઈ ગયેલ હોય તે મુજબની ફરિયાદ તેમના પુત્રએ આપેલ હતી. ત્યારબાદ લગભગ પોણા બે મહિના બાદ તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે તેમના પતિનો તેમના ઉપર ફોન આવેલ

અને જણાવેલ કે, પુત્રનો તેમના ઉપર ફોન આવેલ અને તેણે જણાવેલ કે, ભોગ બનનારને કડોદરા સાંઈ એવન્યુ સોસાયટી ખાતે ફ્લેટમાં બીજા માળે વિમલાદેવી વિનોદ શાહ તેમજ દિપુકુમારના પિતા વિનોદભાઈ સાથે છેલ્લા પોણા બે મહિનાથી તેણીની મરજી વિરૂધ્ધ તેઓએ રાખેલ છે અને દિપુકુમાર દર બે–ત્રણ દિવસે આવી તેણીની મરજી વિરૂધ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધેલ જેથી તેઓ કંટાળી ગયેલ હોવાનું ભોગ બનનારે પુત્રને જણાવેલ છે. જેથી ભોગ બનનારે પુત્રને મોબાઈલ ફોન ઉપરથી લાઈવ લોકેશન મોકલતા પુત્ર તેને લેવા માટે ત્યાં ગયેલો જ્યાં દિપુકુમાર સુરેશને જોતા પહેલા માળ પરથી કુદી ગયેલ અને ત્યાં લોકોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ અને ત્યારબાદ લગભગ ચારેક વાગે પુત્ર ભોગ બનનારને લઈને પોલીસ સ્ટેશન આવેલો અને જ્યાં તેમની ભોગ બનનાર દીકરી હાજર હોય. તેણીએ તેમને જણાવેલ કે, દિપુકુમાર અને તેના માતા–પિતા તેમને છેલ્લા દોઢેક મહિનાથી રાખતા હતા અને ત્યાં દિપુ તેમની સાથે તેમની મરજી વિરૂધ્ધ શરીરસંબંધ બાંધતો હતો. પોલીસે બનાવ બાબતે તેમની પુછપરછ કરેલ અને તેમનું નિવેદન લીધેલ હતુ. પોલીસ તેમની ભોગ બનનાર દીકરીને લઈને તેણીનુ મેડીકલ કરાવવા હોસ્પિટલ ગયેલ હતી.

આ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રીએ કરેલી ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમને ગુજરાતી લખતા તેમજ વાંચતા આવડતુ નથી, પોલીસે તેમનું નામ–ઠામ પુછેલુ અને નિવેદન લખી લીધેલુ, નિવેદનમાં શું લખેલુ તે તેમને વાંચી સંભળાવેલુ નહી, બનાવ અંગેની તેમને કોઈ જાત માહીતી નથી અને તેમની ભોગ બનનાર દીકરી કોની સાથે ગયેલ અને કોની સાથે રહેતી હતી તેની તેમને કોઈ જાત માહીતી નથી, ફરિયાદ તેમના પુત્રએ આપેલી અને ફરિયાદ અંગે તેમને કોઈ જાત માહીતી નથી, ભોગ બનનાર જતી રહ્યા બાદ તે પ્રથમ વખત તેમને પોલીસ સ્ટેશનમાં મળેલ, જ્યાં સુધી તેમની ભોગ બનનાર દીકરી પોલીસ સ્ટેશન ખાતે હતી ત્યાં સુધી તેમની ભોગ બનનાર દીકરી સાથે તેમની કોઈ વાતચીત થયેલ નહી, ઘરે આવ્યા બાદ તેમની ભોગ બનનાર દીકરીએ તેમને એવુ જણાવેલ કે, આરોપીએ તેમને દબાવીને રાખેલી તે સિવાય બીજી કોઈ વાત કરેલ નહી, તેમની ઉંમર ૧૦ વર્ષની હતી ત્યારે તેમના લગ્ન થઈ ગયેલ હતા. એ વાતનો

સ્વીકાર કરેલ છે કે, તેમનું ૧૭ મુ વર્ષ બેસતા તેમને તેમના પતિના ઘરે ઘરસંસાર ભોગવવા માટે મોકલવામાં આવેલ, તેમની ઉંમર ૧૭ વર્ષની થતા આણુ આવ્યા બાદ તેઓ તેમના પતિના ઘરસંસાર ભોગવવા માટે આવેલ. ત્યારબાદ પાંચ વર્ષ પછી તેમના પુત્ર સુરેશનો જન્મ થયેલ, સુરેશના જન્મ બાદ તેમની ભોગ બનનાર દીકરીનો જન્મ પાંચ વર્ષ પછી થયેલો, એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમને બે પુત્રી અને એક પુત્ર છે અને તેમની એક પુત્રી તેમના કહેવામાં ન હોવાથી તેઓ એને ભુલી ગયેલ છે અને તેથી સરતપાસમાં તેઓએ તેમને એક પુત્ર અને એક પુત્રી હોવાનુ જણાવેલ છે. જે છોકરીને તેઓ ભુલી ગયેલ છે તેનો જન્મ સુરેશના જન્મના બે વર્ષ પહેલા થયેલ. એમ તેમને કુલ ત્રણ સંતાનો છે જેમાં બે પુત્રી અને એક પુત્રનો સમાવેશ થાય છે.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની ભોગ બનનાર દીકરી કોની સાથે ગયેલ છે અને કેવી રીતે ગયેલ છે તેની તેમને કોઈ જાત માહીતી નથી. તેમનો પુત્ર (PW−2) ઘરમાં કોઈનુ સાંભળતો નથી અને તેણે તેમને દબાણ આપેલ કે, આ જ છોકરા સાથે ભોગ બનનાર દીકરી ગયેલ હતી.

આથી, હાલના સાહેદના પુરાવાની વિગતો ધ્યાને લેતા, તેમની ભોગ બનનાર દીકરી કોની સાથે ગયેલ છે અને કેવી રીતે ગયેલ છે તેની તેમને કોઈ જાતમાહીતી નથી. તેમનો પુત્ર (PW−2) ઘરમાં કોઈનું સાંભળતો નથી અને તેણે તેમને દબાણ આપેલ કે, આ જ છોકરા સાથે ભોગ બનનાર દીકરી ગયેલ હતી. આથી, સ્પષ્ટ થાય છે કે, PW−2 નાએ PW−8 ના ઉપર દબાણ લાવીને તેમના કહ્યા મુજબ પુરાવા આપવા જણાવેલ છે. આથી, PW−8 નાએ દબાણવશ થઈને પુરાવો રજુ કરેલાનું જણાય આવે છે. PW−8 નાઓને ભોગ બનનારની દિકરી થાય છે અને તેઓની આરોપીઓ તરફે લીધેલી ઉલટતપાસમાંથી ભોગ બનનાર સાથે આરોપી નં.૩ નાએ દુષ્કર્મ કરેલ હોય કે, આરોપીઓ એકબીજાની ગુના કામે મદદગારી દુષ્કૃત્યો કરેલા હોય તેવી વિગતો પુરવાર થતી નથી.

૧૪.૫ વધુમાં, આ કામે PW−2, PW−7 અને PW−8 નાઓએ PW−6 નાની સાંભળેલી વિગતો રજુ કરેલી છે અને તેઓને ભોગ બનનારે જણાવેલી વિગતો મુખ્યત્વે ફલીત થાય છે. આથી, જયારે મુખ્ય અને મહત્વના સાહેદના પુરાવાની

વિગતો વિશ્વનીય કે, ભરોસાપાત્ર જણાય આવતી ન હોય ત્યારે ફરીયાદપક્ષની વિગતોને સમર્થન મળતુ હોય તેમ કહી શકાય નહી અને PW-6 ની વિગતોને સાંભળીને PW-2, PW-7 અને PW-8 નાઓએ આપેલા પુરાવાનું પુરાવાકીય કોઈ મુલ્ય રહેતુ હોય તેમ માનવાને કારણ જણાય આવતા નથી.

૧૫. વધુમાં, આ કામે આરોપી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટના **STATE OF GUJARAT Versus TUKNA BUDHIYA DAS, R/CRIMINAL CONFIRMATION CASE NO. 1 of 2020 With R/CRIMINAL APPEAL NO. 531 of 2021** માર્ગદર્શક ચુકાદાને માનસહ વંચાણે લેતાં તેમાં પેરા નં.૨૦ થી ૨૭ નીચે મુજબ છે.

*20. The second circumstance relied upon by the prosecution is the DNA test report. The contention is being raised that there are several discrepancies like delay in forwarding the samples, breached in protocols for preserving the samples, gaps in the chain of custody, which creates doubts regarding the accuracy, and integrity of the samples and accuracy in the test report and therefore, the same cannot be relied upon to prove the involvement of the accused in the crime.*

*21. Before dealing with the contentions regarding the admissibility of the DNA evidence, it is necessary to note the importance of the DNA evidence in the criminal case and investigation. The DNA (Deoxyribonucleic Acid) is the biological blue print of every life on earth and is made up of a double stranded structure consisting of a deoxyribose sugar and phosphate backbone, cross-lines with two types of nucleic acids referred to as adenine and guanine, purines and thymine and cytosine pyrimidines. Further, DNA genotype can be obtained from any biological material such as bone, blood, semen, saliva, hair, skin, etc. DNA profiling involves identification of an individual based on the blood sample of his mother, father, brother, and so on. Successful identification from skeleton remains can also be performed by DNA profiling.*

*22. Recently, the Apex court in the case of Karandeep Sharma @ Razia @ Raju Vs. State of Gujarat, (2025 INSC 444), on the issue of reliability and admissibility, it has been held that, in order to make the DNA report, acceptable, reliable and admissible, the prosecution would first be required to prove the sanctity and chain of custody of the samples / articles right from the time of their preparation / collection till the time they reached the FSL and for this purpose, the link evidence would have to be established by examining the concerned witnesses.*

*23. So far as quality control of samples and the testing methods, the Supreme Court in the cases of Anil Vs. State of Maharashtra (2014 (4) SCC 69), Manoj Vs. State of Madhya Pradesh (2023(3) SCC 353), and Pattu Rajan Vs. State of Tamil Nadu (2019 (4) SCC 771), held that, there is need to ensure the quality control of the samples and the testing methods used as a part of DNA*

*examination and stress upon on the need to ensure that possibility of contamination is eliminated. On the issue of collection and preservation of the evidence, the Supreme Court held that, if the DNA evidence is not properly documented, collected, packaged, and preserved, it will not meet the scientific requirements for admissibility in a court of law, because extremely small sample of DNA can be used as an evidence, greater attention to contamination is used is necessary while locating, collecting and preserving. The Supreme Court while referring Section 45 of the Evidence Act, held that, the DNA evidence is also in the nature of opinion evidence and an expert giving evidence before the Court, placed a crucial role, especially, since the entire purpose and the object of opinion evidence is to be aid the court in forming its opinion on the question concerning Foreign Law, Science, Arts etc. on which, the court might have not an expertise to form an opinion on its own. The probative value accorded to DNA evidence, which varies from case to case, depending on the facts and circumstances and weight accorded to other evidence on record, whether contrary or corroborative.*

*24. In Anil Vs. State of Maharashtra (2014 (4) SCC 69), the Supreme Court observed that DNA profiles have had a tremendous impact on criminal investigation. A DNA profile is valid and reliable, but the same depends on quality controls and procedures in the laboratory. We may add to this position and say that, quality control and procedure outside the laboratory matter equal as much in ensuring that the best results can be derived from the samples collected.*

*25. On the aspect of delay in forwarding the samples to the laboratory, the Apex Court, in case of Prakash Nishal Vs. State of Maharashtra, [(2023) 16 SCC 357], has observed that, when there is an unexplained delay in sending the samples to the FSL, the concomitant prospect of contamination could not ruled out and the need for expediency in sending the samples to the laboratories was underscored.*

*26. Recently, the Supreme Court in the case of Kattavellai @ Devakar Vs. State of Tamil Nadu (2025 INSC 845), while discarding the DNA evidence, observed that, despite the presence of DNA evidence, it has to be discarded to the reason that, proper methods and procedures were not followed in the collection, sealing, storage and employment of the evidence in the course of appellant – convict's conviction. DNA, as we have observed has to be largely dependable, even though these evidence is only of probative value, subject to the condition that it is properly dealt with. Over the past decades, many cases have come to their logical conclusion with the aid of DNA evidence in many regions across the world. It is also equally true that, many persons wrongly convicted, have finally have justice served, with them being declared innocence because of advancement in this technology. It is unfortunate that, alongside such advancement, we still have cases where despite the evidence being present, it has to be rejected for the reason that, the concerned persons, either doctors or investigators have been careless in handling of such sensitive evidence. The Supreme Court in para-44 of the judgment, issued the following directions, which shall be followed henceforth in all cases, where DNA evidence is*

*involved.*
*1. The collection of DNA samples once made after due care and compliance of all necessary procedure including swift and appropriate packaging including a) FIR number and date; b) Section and the statute involved therein; c) details of I.O., Police station; and d) requisite serial number shall be duly documented. The document recording the collection shall have the signatures and designations of the medical professional present, the investigating officer and independent witnesses. Here only we may clarify that the absence of independent witnesses shall not be taken to be compromising to the collection of such evidence, but the efforts made to join such witnesses and the eventual inability to do so shall be duly put down in record.*
*2. The Investigating Officer shall be responsible for the transportation of the DNA evidence to the concerned police station or the hospital concerned, as the case may be. He shall also be responsible for ensuring that the samples so taken reach the concerned forensic science laboratory with dispatch and in any case not later than 48-hours from the time of collection. Should any extraneous circumstance present itself and the 48-hours timeline cannot be complied with, the reason for the delay shall be duly recorded in the case diary. Throughout, the requisite efforts be made to preserve the samples as per the requirement corresponding to the nature of the sample taken.*
*3. In the time that the DNA samples are stored pending trial appeal etc., no package shall be opened, altered or resealed without express authorisation of the Trial Court acting upon a statement of a duly qualified and experienced medical professional to the effect that the same shall not have a negative impact on the sanctity of the evidence and with the Court being assured that such a step is necessary for proper and just outcome of the Investigation/Trial.*
*4. Right from the point of collection to the logical end, i.e., conviction or acquittal of the accused, a Chain of Custody Register shall be maintained wherein each and every movement of the evidence shall be recorded with counter sign at each end thereof stating also the reason therefor. This Chain of Custody Register shall necessarily be appended as part of the Trial Court record. Failure to maintain the same shall render the I.O. responsible for explaining such lapse.*

આમ, ઉપરોકત મુજબનાં નામદાર હાઈકોર્ટના ચુકાદાને માનસહ વંચાણે લેતાં અને તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં હાલના કામે ફરીયાદપક્ષે PW–18 ને આંક–૭૯ થી તપાસેલા છે અને તેઓએ તેમના પુરાવામાં આંક–૮૦ થી ૮૫ સુધીના પુરાવામાં અનુક્રમે ભોગ બનનારના ગર્ભનો એફ.એસ.એલ. ના ડી.એન.એ. અહેવાલ ફોરવડીંગ લેટર સહિત, આરોપી નં.૧ અને ૩ નો એફ.એસ.એલ. નો ડી.એન.એ. અહેવાલ ફોરવડીંગ લેટર સહિત, મુદામાલ એફ.એસ.એલ. ને મળ્યાની પહોંચ રજુ કરેલા છે. જે જોતાં તેઓને સદર નમુનાઓ

તા.૦૨.૦૮.૨૦૨૨, તા.૦૫.૦૮.૨૦૨૨ તથા તા.૧૩.૦૯.૨૦૨૨ ના રોજ સદર નમુનાઓ મળેલાનું જણાય આવે છે અને PW–18 નાએ તેમની ઉલટતપાસમાં એવી વિગતનો સ્વીકાર કરેલો છે કે, લોહીના નમુના તેમની હાજરીમાં લેવામાં આવેલ નથી કે, સીલ કરવામાં આવેલ નથી. બ્લડ સેમ્પલ ભોગ બનનાર તથા આરોપી પાસેથી કયારે લેવામાં આવેલ તે જણાવેલ નથી. તેમજ એવી પણ વિગત જણાવેલ છે કે, સામાન્ય રીતે કોઇ સેમ્પલ કાળજીપુર્વક રાખવામાં ન આવે તો તેનું પરીણામ બદલાઇ શકે. તેઓ કહી શકે નહિં કે સેમ્પલો તેમની કચેરીમાં આવેલ તે પહેલા કોની કસ્ટડીમાં હતા.

PW–22 નાઓએ તેમની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, ભોગ બનનારના ડી.એન.એ. સેમ્પલો કઇ તારીખે લેવા માટે મોકલેલ હતા તે ખબર નથી. તેમજ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારના મેડીકલ સેમ્પલો હોસ્પિટલમાં લેવડાવ્યા બાદ તે સેમ્પલો કબજે કર્યાનું પંચનામું ત્રણ દિવસ બાદ કરવામાં આવેલ હતુ. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, હોસ્પિટલમાં સેમ્પલો પંચનામા વિગતે સીલ કરવામાં આવેલ ન હતા. તેમજ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સેમ્પલ તેમને મળ્યા ત્યારે તરત જ પંચનામું કરેલ નહિં અને સેમ્પલના ત્રણ દિવસ પછી પંચનામાની વિગતે કબજે કરેલ હતા અને સેમ્પલ ત્રણ દિવસ બાદ કબજે કરવાનું પંચનામું કરેલ હતુ કારણ કે તેઓ અન્ય તપાસમાં રોકાયેલ હતા. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, ત્રણ દિવસ સુધી સેમ્પલ કોના કબજામાં હતા તે દર્શાવતો પુરાવો ચાર્જશીટમાં જણાવેલ નથી. આમ, સદર પ્રસ્તૃત કેસની વિગતો જોતાં હાલના કામે ત્રણ દિવસ સુધી સેમ્પલો પોલીસ સ્ટેશનમાં રહેલા હોવાનું જણાય આવે છે અને જેથી સેમ્પલ મોકલવા અંગેનો સમયગાળો ૩ દિવસ સુધીનો રહેલ છે અને ત્રણ દિવસ સુધી સદર સેમ્પલો પોલીસ સ્ટેશનમાં રહેલાની હકીકત ફલીત થાય છે.

પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં સેમ્પલ લીધાના ૪૮ કલાકથી કોઇપણ કિસ્સામાં મોડા મોકલવા ન જોઇએ. તેમજ તેવી સમય રેખાનું પાલન ન કરી શકાય તયારે વિલંબ અંગેના કારણો નોંધવા જોઇએ તેવી કોઇ જ વિગતો ફરીયાદપક્ષે રજુ કરેલા રેકર્ડ ઉપરના પુરાવામાં માંહેથી જણાય આવતી નથી.

PW−18 & PW−22 ના પુરાવાની વિગતો જોતાં, તેઓનાં પુરાવામાં તેઓએ કબુલ કરેલ છે કે, આરોપી તથા ભોગ બનનાર પાસેથી બ્લડ સેમ્પલો કયારે લેવામાં આવેલ તે તેમના રીપોર્ટમાં જણાવેલુ નથી. તેમજ ત.ક.અ. PW−22 એ પણ ભોગ બનનાર સેમ્પલ અંગેનું પંચનામું ત્રણ દિવસ બાદ કરેલુ છે અને તે સેમ્પલ કયારે લેવામાં આવેલા અને કોના કબજામાં રાખવામાં આવેલા તેવુ દર્શાવેલ નથી.

૧૫.૧ વધુમાં, PW−19 નાઓએ તેમના મૌખિક પુરાવા સાથે આંક−૮૭ થી ૯૩ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે અને તેઓએ તેમની ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, કપડા તેમની હાજરીમાં લેવામાં આવેલ નથી કે, સીલ કરવામાં આવેલ નથી. આરોપી તથા ભોગ બનનારના કપડા કયારે લેવામાં આવેલ તે રીપોર્ટમાં જણાવેલ નથી. તેઓ કહી શકે નહિં કે આ સેમ્પલો તેમની કચેરીમાં આવ્યા તે પહેલા કોની કસ્ટડીમાં હતા. જયારે PW−20 નાએ તેમના મૌખિક પુરાવા સાથે આંક−૯૬ નો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. તેઓનો પુરાવો જોતાં આરોપીના કબજે કરવામાં આવેલ કપડા ઉપરથી કોઈ વિગતથી ફરીયાદપક્ષની વિગતોને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. આથી, ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટના માર્ગદર્શક ચુકાદામાં જણાવેલા પ્રસ્થાપિત સિધ્ધાંતો આરોપીના બચાવને મદદરૂપ થાય છે તેવી આરોપીનાં વિ.વ.શ્રીની દલીલ ગ્રાહય રાખવા યોગ્ય જણાય આવે છે.

૧૬. **ફરીયાદપક્ષના રજુ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું એકંદરે મુલ્યાંકનઃ−**

ફરીયાદપક્ષના પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ ભોગ બનનાર સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપી સામે પોકસો એકટ લાગુ પડતો નથી.

હવે, આરોપી સામે આરોપીએ ભોગ બનનારનું અપહરણ કરેલાની વિગત જણાવેલ છે તે સંદર્ભે ભોગ બનનાર PW−6 ના પુરાવાને જોવામાં આવેથી, તેઓએ તેમના પુરાવામાં તેઓને આરોપી સાથે ઈન્સ્ટાગ્રામ પર વાતચીત થયેલ અને ત્યારબાદ મિત્રતા થયેલ અને ત્યારબાદ અવારનવાર ફરવા જતા હતા અને

આરોપી સાથે તેઓ ટ્રેનમાં બેસી દિલ્હી ગયેલ અને ત્યાં ત્રણ દિવસ સુધી રોકાયેલ અને ત્યારબાદ પરત સુરત આવેલ. ત્યારબાદ તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ આરોપીનો તેમના ઉપર ફોન આવેલ અને સોસાયટીની બહાર આવવા જણાવતા તેઓ ત્યાં ગયેલ અને આરોપીએ રીક્ષામાં બેસાડેલ અને ચોકલેટ ખવડાવેલ અને ત્યારબાદ તેઓ બેભાન થઇ ગયેલ અને તેઓને તાતીથૈયા આરોપીનાં ઘરમાં તથા ત્યારબાદ કડોદરા ખાતે મકાનમાં રાખેલાનું જણાવેલ છે.

ભોગ બનનારની આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસ વંચાણે લેતાં તેમાંથી તેઓ આરોપી સાથે વાતચીત કરતા હોવાની તેમજ એક વર્ષની મિત્રતા દરમ્યાન તેઓ આરોપી સાથે કોઈપણ જગ્યાએ ફરવા ગયેલ ન હોવાનું તેમજ આરોપી તેઓને દિલ્હી લઈ ગયેલ તેની પણ તેઓને ત્રણ દિવસ પહેલા જાણ કરેલાની તેમજ તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ તેઓ ફરીથી આરોપી સાથે સુરતમાં તાતીથૈયા, કડોદરા ખાતે ગયેલ અને તે અંગેની કોઇ વાત તેણીએ તેમના ઘરમાં કરેલ નહિં તેમજ પોલીસ રૂબરૂનાં નિવેદનમાં પ્રતિકે તેમને રીક્ષામાં બેસાડેલ અને ચોકલેટ ખવડાવતા તેઓ બેભાન થઈ ગયેલ અને ભાન આવેલ ત્યારે આરોપીના ઘરે હતા અને તેમના હાથ પગ બાંધેલા હતા તેવી વિગતો લખાવેલ ન હોવાની વિગતો આવેલ છે તે વિગતો જોતાં પણ આરોપી ભોગ બનનારને જબરજસ્તીથી તેમનું અપહરણ કરી લઈ ગયેલ હોય તેવી કોઇ સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ ખુદ ભોગ બનનારના પુરાવાથી તેઓ જાતે આરોપી સાથે ગયેલાનું અને તેની કોઈ જાણ તેમના પરીવારને કરેલ ન હોવાની વિગત પણ સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે.

૧૬.૧ વધુમાં, ભોગ બનનારનો પુરાવો જોવામાં આવે તો બનાવ સમયે તેમનો મોબાઇલ ફોન તેઓની પાસે હતો તેમ છતાં તેઓ ધ્વારા તેમના પરીવારને જાણ કરવા કોઈ પ્રયત્નો કરેલ હોય તેવી કોઇ વિગતો જણાય આવતી નથી. તેમજ તેઓ આરોપીના ઘરમાં તથા કડોદરા વિસ્તાર ખાતે ભાડે રાખેલ મકાનમાં તેઓ રહેલ તે દરમ્યાન તેઓએ ત્યાંથી ભાગવાની કે આજુબાજુના કોઈ સાહેદોને તેઓને જબરજસ્તીથી રાખેલાની જાણ કરેલ હોય તેવી પણ કોઇ વિગતો જણાય આવતી નથી.

૧૬.૨ PW–૪ નાએ તેમના પુરાવામાં આરોપીએ તેમની દિકરીને દોઢેક મહિનાથી જબરજસ્તીથી રાખેલાનું જણાવેલ છે. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ભોગ બનનારે ત્યાંથી ભાગવાના પ્રયત્નો કરેલ હોય કે કોઈની મદદ માંગેલ હોય તેવી કોઇ હકીકતો જણાય આવતી નથી. તેમજ દોઢેક માસના સમયગાળા સુધી ભોગ બનનારના હાથ પગ બાંધી રાખેલ હોય અને ઘરમાં એકલી જ રાખેલ હોય તેવી કોઇ વિગતો પણ માની શકાય તેમ નથી.

૧૬.૩ વધુમાં, ભોગ બનનારે તેમના સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ મુજબનાં નિવેદનમાં આરોપીએ તેઓના વિડીયો અને ફોટા પાડેલ હોય અને તે આધારે આરોપી તેમને બ્લેક મેઇલ કરતા હતા અને નાણાંની માંગણી કરતા હતા અને તેઓએ આરોપીને દશ હજાર તથા ત્રણ લાખના ઘરેણા આપેલાની વિગતો જણાવેલ છે. પરંતુ તેવી કોઇ વિગતો તેઓએ તેમના માતાપિતા અને ભાઇને જણાવેલ હોય તેવી કોઇ વિગતો જણાય આવતી નથી તેમજ ભોગ બનનારની માતાએ તેમના ઘરેણાની ચોરી થયેલ હોય તેવી કોઇ ફરીયાદ કરેલ હોય તેમ જણાય આવતી નથી. તેમજ ફરીયાદપક્ષે તરફે તપાસકર્તા અમલદાર ધ્વારા પણ ભોગ બનનાર અને આરોપીના મોબાઇલ કબજે કરવામાં આવેલ હોય અને તે તપાસ અર્થે એફ.એસ.એલ.માં મોકલાવેલ હોય અને તેમાંથી ભોગ બનનારના કોઇ વિડીયો કે, ફોટોગ્રાફ મળેલ હોય તેવી પણ કોઇ વિગતો જણાય આવતી નથી. તેમજ ત.ક.અ.એ આ બાબતે કોઇ તપાસ કરેલ હોય તેવી કોઇ જ વિગતો જણાય આવતી નથી.

૧૬.૪ વધુમાં, ભોગ બનનારે તેમના ૧૬૪ ના નિવેદનમાં આરોપીએ તેમને સીમકાર્ડ આપેલાનું જણાવેલ છે પરંતુ તેવુ સીમકાર્ડ પણ સદર કામે કબજે કરવામાં આવેલ હોય તેવુ જણાય આવતુ નથી.

તેમજ ભોગ બનનારે પોલીસ સમક્ષ આપેલ નિવેદનની હકીકતો વંચાણે લેતાં આરોપી નં.૩ તેઓને વારંવાર ફોન કરી ભાગી જઇ લગ્ન કરવા પ્રલોભન કરતો હોવાનું જણાવેલ છે પરંતુ તે અંગેની જાણ તેઓએ તેમના માતાપિતા તથા ભાઇને કરેલ હોય તેવી કોઇ વિગતો ભોગ બનનારના માતાપિતા કે ફરીયાદી/ ભોગબનનારે તેમના પુરાવામાં જણાવેલ નથી અને તેવી કોઇ હકીકતો ફરીયાદપક્ષે

ભોગ બનનાર તથા આરોપીના મોબાઇલ કબજે કરી પુરવાર કરેલ નથી.

આમ, ભોગ બનનારે પોલીસ સમક્ષ આપેલ નિવેદનો, ભોગ બનનારનું સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ મુજબનું નિવેદન તથા કોર્ટ રૂબરૂનો પુરાવો જોતાં તેમાં ઘણી વિસંગતતાઓ જોવા મળે છે અને ભોગ બનનારનો પુરાવો શંકાથી પર રજુ થયેલ ન હોવાની વિગતો જણાય આવે છે.

૧૬.૫ વધુમાં, ભોગ બનનારના ભાઇનો એટલે કે, ફરીયાદી (PW–2) નો પુરાવો જોવામાં આવે તો, ભોગ બનનારે તેમના મોબાઇલ ઉપર લોકેશન મોકલેલ જેથી તેઓ કડોદરા વિસ્તારમાં ગયેલ અને તેણીની શોધખોળ કરેલ પરંતુ તેણી મળી આવેલ નહિ અને તેઓને આરોપી પ્રતિક જોવા મળેલ અને તેનો પીછો કરેલ અને પ્રતિક તેમને જોઇને ભાગવા જતા પડી ગયેલાની વિગતો જણાવેલ છે. જયારે ભોગ બનનારે તેમના પુરાવામાં તેમનો ભાઇ તેઓ જે ઘરમાં હતા તે ઘરમાં લોકેશન આધારે આવેલ અને આરોપી પ્રતિક તેને જોઇ જતા આરોપી પહેલા માળેથી કુદકો મારી ભાગી ગયેલ અને પ્રતિકને વાગેલાનું જણાવેલ છે. આમ, ભોગ બનનાર અને ફરીયાદીના પુરાવામાં વિસંગત વિગતો જણાય આવે છે.

૧૬.૬ વધુમાં, ફરીયાદપક્ષે તપાસ કર્તા અમલદાર દ્વારા ભોગ બનનારને જે જે વિસ્તારમાં આરોપીઓએ રાખેલ તે વિસ્તારના આજુબાજુનાં સ્વતંત્રો સાહેદોના નિવેદનો લેવામાં આવેલ હોય અને તેઓના પુરાવાથી ભોગ બનનારને તે સ્થળે રાખવામાં આવેલ હોય તેવી સ્પષ્ટ વિગતો જણાય આવતી નથી તેમજ તેવા સાહેદોનાં નિવેદનો પણ લેવામાં આવેલ નથી કે તપાસકર્તા અમલદાર ધ્વારા તે વિસ્તારના સીસીટીવી ફુટેજ કબજે કરેલ હોય તેવી પણ કોઇ વિગતો જણાય આવતી નથી.

૧૬.૭ વધુમાં, ફરીયાદપક્ષે આરોપી સામે આરોપીએ ભોગ બનનારની સાથે તેમની મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી શરીર સંબંધ બાંધી તેણીને ગર્ભવતી બનાવી ગંભીર પ્રકારનો ગુનો કરેલાનો આક્ષેપ છે તે સંદર્ભે ફરીયાદપક્ષે ભોગ બનનાર PW–6, ભોગ બનનારની તપાસ કરનાર ડોકટર સાહેદો PW–1, 3 તથા ભોગ બનનારના તથા આરોપીના મેડીકલ નમુનાઓ કબજે કર્યાના પંચસાહેદો PW–9,10 તથા એફ.એસ.એલ.ના સાહેદો PW–18 TO PW–20 સાહેદોને તપાસેલ છે. તેમજ એફ.એસ.એલ.ના સાહેદો તથા ડોકટર સાહેદોના પુરાવાથી ભોગ બનનાર

પ્રેગનન્ટ હોવાનું અને ભોગ બનનારના ગર્ભનું ડી.એન.એ. પરીક્ષણ કરતા આરોપી નં.૩ પ્રતિક ભોગ બનનારના ગર્ભના જૈવીક પિતા હોવાની વિગતો ફરીયાદપક્ષે PW–18 નાએ રજુ કરેલ આંક–૮૧, ૮૨ થી રેકર્ડ ઉપર આવેલ છે.

હવે, સદર કામે ભોગ બનનારની તપાસ કરનાર ડોકટર PW–1 નો પુરાવો જોતાં તેઓની સમક્ષ ભોગ બનનારને તા.૩૦.૦૬.૨૦૨૨ ના રોજ તપાસ માટે લાવેલાનું અને ભોગ બનનારે તેમની સમક્ષ હીસ્ટ્રીમાં તેઓ પોતાની મરજીથી તા.૦૭.૦૪.૨૦૨૨ ના રોજ આરોપી સાથે ભાગી ગયેલાનું અને મરજીથી એક વાર કોન્ડમ વગર આરોપી નં.૩ ના ઘરે તથા શ્રીનિવાસ કડોદરા ભાડાના મકાનમાં એક મહિનો રોકાયેલ ત્યાં બે વખતે મરજીથી કોન્ડમ વગર શારિરીક સંબંધ બાંધેલાનું તેમજ છેલ્લો શારિરીક સંબંધ તપાસના ૧૧ દિવસ પહેલા રાખેલાનું જણાવેલ છે. જયારે ભોગ બનનારે તેમના સી.આર.પી.સી. ની કલમ–૧૬૪ મુજબનાં નિવેદનમાં તેઓને તા.૦૧.૦૬.૨૦૨૨ ના રોજ માસિક પ્રક્રિયા ચાલુ હોવાની વિગત જણાવેલ છે.

૧૬.૮ PW–7 નો પુરાવો જોતાં તેઓને તેમની ભોગ બનનાર દિકરીએ કોઈ વાત કરેલ નથી. તેમજ તેમની દિકરી પ્રથમ વખત ઘરેથી જતી રહેલ ત્યારે તેઓએ કોઈ ફરીયાદ કરેલ નથી.

૧૬.૯ સદર કામનું રેકર્ડ જોતાં ભોગ બનનારના ગર્ભમાં રહેલ બાળક PW–1 ના પુરાવા મુજબ ૧૨ અઠવાડીયા અને ૫ દિવસનું જીવતુ હતુ તેમ જણાવેલ છે અને તેઓએ પ્રેગનન્સી ટર્મીનેટનો અભિપ્રાય લેખિતમાં આપેલ અને તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ ભોગ બનનારનું સોનોગ્રાફી કરતા ૧૪ અઠવાડીયાનું બાળક હોવાની વિગત જણાવેલ છે. આમ, ભોગ બનનારે જણાવેલ વિગતો મુજબ તેમની માસિકની પ્રક્રિયા તા.૦૧.૦૬.૨૦૨૨ ના રોજ ચાલુ હતી અને PW–1 ના મુજબ ભોગ બનનાર ગર્ભમાં તા.૨૭.૦૭.૨૦૨૨ ના રોજ ૧૪ અઠવાડીયાનું બાળક જીવતુ હોવાનું જણાવેલ છે. તેમજ ઉલટતપાસમાં હીસ્ટ્રી ભોગ બનનારે જાતે આપેલાનું તેમજ ભોગ બનનારની શારિરીક તપાસણી કરતા પ્રેગનન્સી સિવાય અન્ય કોઈ એબનોર્માલીટી જણાય આવેલ ન હોવાનું સ્વીકારેલ છે. આમ, ઉપરોકત વિગતો જોતાં પણ ભોગ બનનાર અને PW–1 ના પુરાવામાં વિસંગતતા જોવા મળે છે.

૧૬.૧૦ વધુમાં, PW–1 નાએ ડીએનએ પરીક્ષણ અર્થે ગર્ભનું સેમ્પલ WPC ને સીલબંધ હાલતમાં આપેલાનું જણાવેલ છે. ફરીયાદપક્ષે PW–૭ ને આંક–૫૩ થી તપાસેલ છે અને તેઓએ ફરીયાદીના કહેવાથી પો.સ્ટે.માં ગયેલાનું અને સહી કરવાનું કહેતા તેઓએ ભોગ બનનારના ગર્ભ અને ડી.એન.એ.સેમ્પલ કબજે કર્યાના આંક–૫૪ થી રજુ પંચનામામાં સહી કરેલાનું તેમજ આંક–૫૫ થી રજુ આરોપી નં.૩ ના મેડીકલ ચકાસણી બાદના સેમ્પલો તથા ડી.એન.એ. સેમ્પલો કબજે કર્યાના આંક–૫૫ ના પંચનામામાં તેમની સહી હોવાનું જણાવેલ છે. આમ, સદર પંચસાહેદની રૂબરૂ ભોગ બનનાર તથા આરોપીના મેડીકલ ચકાસણી બાદના તથા ડી.એન.એ. સેમ્પલો કબજે કરવામાં આવેલ હોય તેવુ જણાય આવતુ નથી.

તેમજ PW–18 નાએ તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, સામાન્ય રીતે જો કોઈ સેમ્પલ બરાબર કાળજીપુર્વક રાખવામાં આવેલ ન હોય તો તેનું પરીણામ બદલાઈ શકે છે.

૧૬.૧૧ વધુમાં, PW–17 નો ઉલટતપાસનો પુરાવો જોતાં તેઓએ સેમ્પલો કલેકટ કરાવેલા તે અંગેની ચોકકસ તારીખ અને સમયે તેઓને યાદ ન હોવાનું તેમજ સેમ્પલો કલેકટ કર્યા અંગેના પંચનામા પોલીસ સ્ટેશનમાં કરેલાનું તેમજ તેઓએ તેમની તપાસના કામના ભાગરૂપે પહેલા ભોગ બનનારના સેમ્પલ કલેકટ કરેલાનું, તેઓએ કડોદરા ખાતે ગુનાવાળી જગ્યાનું એક જ પંચનામું કરેલાનું, તેઓએ કપડા કબજે કર્યાનું, ગુનાવાળી જગ્યાએ જવાનું અને સેમ્પલો કલેકટ કરવાની વિગેરે કામગીરી અલગ અલગ દિવસોએ કરેલાનું, ગુનાવાળી જગ્યા પર બીજા ઘરો પણ હતા અને ત્યાં રહીશો રહેતા હોવાનું અને ફલેટો કેટલા માળના હતા તે યાદ ન હોવાનું અને તેઓ ગયેલ ત્યારે બિલ્ડીંગમાં વોચમેન હાજર ન હોવાનું સ્વીકારેલ છે. આમ, ગુનાવાળી જગ્યાએ બીજા ઘરો હોવાનું અને રહીશો રહેતા હોવા છતાં તેમજ વોચમેન પણ હોવા છતાં તેવા કોઈ સાહેદોનાં નિવેદનો ત.ક.અ.એ સદર કામે લીધેલ નથી અને શા માટે તેઓના નિવેદનો લીધેલ નથી તે અંગેનો કોઈ સંતોષકારક ખુલાસો કરેલ નથી. જેથી ઉપરોકત હકીકતો જોતા પણ સદર સાહેદે કરેલ કાર્યવાહીમાં શંકા ઉત્પન્ન થાય છે.

૧૬.૧૨ વધુમાં, PW–105 નાએ તેમના પુરાવામાં તેઓએ કરેલ તપાસની કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ જણાવી તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે. જયારે આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસની વિગતો જોતાં તેઓએ સ્પષ્ટપણે એ હકીકતો સ્વીકારેલ છે કે, ભોગ બનનારના ડીએનએ સેમ્પલો કઇ તારીખે લેવા માટે મોકલેલા તે ખબર નથી, ભોગ બનનારના મેડીકલ સેમ્પલો હોસ્પિટલમાં લેવડાવ્યા બાદ તે સેમ્પલો કબજે કર્યાનું પંચનામું ત્રણ દિવસ બાદ કરવામાં આવેલ હતુ, વુ.પો.કો. દિપીકાબેન તા.૨૫/૦૭/૨૨ ના રોજ સેમ્પલ લેવા માટે ગયેલ, હોસ્પિટલમાંથી સેમ્પલો પંચનામાની વિગતે સીલ કરવામાં આવેલ ન હતા, સેમ્પલ તેમને મળ્યા એટલે તરત જ તેઓએ પંચનામું કરેલ નહિં પરંતુ સેમ્પલ ત્રણ દિવસ પછી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હતા, ત્રણ દિવસ આ સેમ્પલ કોના કબજામાં હતા તે દર્શાવતા પુરાવા ચાર્જશીટમાં નથી.

આમ, ત.ક.અ.ની ઉલટતપાસની વિગતો જોતાં ભોગ બનનારના મેડીકલ સેમ્પલો ત્રણ દિવસ બાદ પંચનામાના વિગતે કબજે કરવામાં આવેલાનું તેમજ તે સેમ્પલો પંચનામા વિગતે સીલબંધ કરેલ ન હોવાનું તેમજ ત્રણ દિવસ સુધી સદર સેમ્પલો કોની કસ્ટડીમાં હતા તેનો કોઇ પુરાવો તેઓએ રજુ કરેલ ન હોવાની વિગતો સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે. તેમજ PW–1 ના પુરાવા મુજબ WPC સંગીતાબેનને ડી.એન.એ. પરીક્ષણ અર્થે ગર્ભનું સેમ્પલ એફ.એસ. એલ. માં મોકલવા માટે સીલબંધ આપેલાનું જણાવેલ છે પરંતુ તે હકીકત પુરવાર કરવા સારૂ પણ ફરીયાદપક્ષે WPC તપાસેલ નથી.

જયારે આરોપીપક્ષ તરફે ભોગ બનનારના લેવામાં આવેલ મેડીકલ નમુનાઓ સીલબંધ હાલતમાં ન હોવાનું અને તે એફ.એસ.એલ. ખાતે ત્રણ દિવસ બાદ મોકલવામાં આવેલાનું જણાવી મેડીકલ નમુનાઓની કસ્ટડી બાબતે મુખ્યત્વે તકરાર લઇ તે નમુનાનું પરીક્ષણ યોગ્ય રીતે, કાયદેસરની પ્રક્રિયા અનુસાર થયેલ ન હોવાનું જણાવી તેના ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ તેવો મુખ્યત્વે બચાવ લીધેલ છે.

૧૭. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ PW–1 અને PW–3 તબીબી નિષ્ણાતનો પુરાવાને એકંદરે ધ્યાનમાં લેતા ભોગ બનનાર તેમજ આરોપીને શારીરીક તપાસણી માટે મેડિકલ ઓફિસરશ્રી રૂબરૂ હાજર રાખેલ હોવાનું જણાવીને આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસ દરમિયાન એફ.એસ.એલ પરિક્ષણ અર્થે આરોપી તથા ભોગ બનનારના જરૂરી નમૂના લેવામાં આવેલ હોય તેવુ પણ જણાવેલ છે. જયારે ભોગ બનનારે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ડોકટર સમક્ષ કોઈ હકિકત જણાવેલ નહિ. આથી, જયાં સુધી ભોગ બનનારનો તથા ફરીયાદીનો ચોકકસ પુરાવો રજુ ન થાય ત્યાં સુધી તેવા તબીબી પુરાવા પર આધાર રાખી શકાય નહી. ખાસ કરીને જયારે મેડીકલ પરીક્ષણ અને ભોગ બનનારના પુરાવાથી એકબીજાના પુરાવાઓને સમર્થન મળતુ ન હોય ત્યારે તબીબી પુરાવો સમર્થનકારક હોવાનું માની શકાય નહી.

આથી, આ તબબકે નામદાર હાઈકોર્ટના માર્ગદર્શક ચુકાદા *Ronal Murmu Vs. State of Meghalaya, 2025 Legal Eagle (Megh) 337* ને માનસહ વંચાણે લેતા, તેમાં પેરા નં.૧૬ માં નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

***** Ronal Murmu Vs. State of Meghalaya, 2025 Legal Eagle (Megh) 337***

*16. From the judgment and order of the Trial Court, it transpires that the learned Trial Court has placed reliance on the statement of the medical witness to hold that the appellant had committed sexual offence. The evidence of medical witness/expert is relevant under section 45 of the Indian Evidence Act, 1872, but it cannot take place of substantive evidence. The narration of factual aspect as to the incident in relation to the alleged offence recorded during the course of the medical examination and the opinion of a medical witness is not direct evidence, but it has corroborative value. It can only support the grounds of an eye-witness and prove the direct evidence. In the present case, the evidence of PW-3 is totally silent as to occurrence of any sexual offence against her and, therefore, the learned Trial Court was misled in placing reliance on the evidence of the medical witness.*

આમ, ઉપરોકત મુજબના માર્ગદર્શક ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને રાખતા, સદર તબીબી સાહેદોના મેડીકલ પુરાવાની વિગતોને ભોગ

બનનારના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ત્યારે તબીબી સાહેદના ગૌણ પુરાવા પર આધાર રાખી આરોપીને તેમની સામેના ગુનામાં દોષિત ઠરાવવાનું ઉચિત ગણી શકાય નહી. વળી, સમગ્રપણે તબીબી સાહેદોના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેથી તેઓએ તેમની ફરજના ભાગરૂપે ફરજ અનુસંધાને જુબાની આપેલ છે. આરોપીએ ભોગ બનનાર સાથે બળપુર્વક શારીરીક સંભોગ કરેલ હોય તેવું સાહેદોના પુરાવાથી રેકર્ડ ઉપર પુરવાર થતું ન હોય તબીબી પુરાવા ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેમ નથી. વધુમાં મેડીકલ પુરાવો એક કોરોબોરેટીવ પુરાવો છે.

૧૮. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના *{1} Kali Ram vs State of Himachal Pradesh, AIR 1973 SC 2773* માનસહ વંચાણે લેતા, જે માનસહ વંચાણે લેતા, તેમાં પેરા નં.૨૪ થી ૨૯ સુધીમાં નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

***** Kali Ram vs State of Himachal Pradesh, AIR 1973 SC 2773.***

*24. Observations in a recent decision of this Court, Shivaji Saliabrao Bobade and Anr. v. State of Maharashtra Cr. App. Ho. 26 of1970, decided on August 27, 1973 to which reference has been made during arguments were not intended to make a departure from the rule of the presumption of innocence of the accused and his entitlement to the benefit of reasonable doubt in criminal cases. One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocentunless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal.*

*25. Leaving aside the cases of statutory presumptions, the onus is upon the prosecution to prove the different ingredients of the offence and unless it discharges that onus, the prosecution cannot succeed. The court may, of course, presume, as mentioned in Section 114 of the Indian Evidence Act, the existence*

*of any fact which it thinks likely to have happened, regard being had to the common course of natural events, human conduct and public and private business, in their relation to the facts of the particular case. The illustrations mentioned in that section, though taken from different spheres of human activity, are not exhaustive. They are based upon human experience and have to be applied in the context of the facts of each case. The illustrations are merely examples of circumstances in which certain presumptions may be made. Other presumptions of a similar kind in similar circumstances can be made under the provisions of the section itself. Whether or not a presumption can be draw nunder the section in a particular case depends ultimately upon the facts and circumstances of each case. No hard and fast rule can be laid down. Human behavior is so complex that room must be left for play in the joints. It is not possible to formulate a series of exact propositions and con-flue human behavior within straitjackets. The raw material here is far too complex to be susceptible of precise and exact propositions for exactness here is a fake.*

*26. Another golden thread which runs through the web of the administration of justice in criminal cases is that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence. Rule has accordingly been laid down that unless the evidence adduced in the case is consistent only with the hypothesis of the guilt of the accused and is inconsistent with that of his innocence the court should refrain from recording a finding of guilt of the accused. It is also an accepted rule that in case the court entertains reasonable doubt regarding the guilt of the accused, the accused must have the benefit of that doubt. Of course, the doubt regarding the guilt of the accused should be reasonable : it is not the doubt of a mind which is either so vacillating that it is incapable of reaching a firm conclusion or so timid that it is hesitant and afraid to take things to their natural consequences. The rule regarding the benefit of doubt also does not warrant acquittal of the accused by resort to surmises, conjectures or fanciful considerations. As mentioned by us recently in the case of State of Punjab v. Jagir Singh (1) Cr. App. 7 of 1972 decided on August 6, 1973 a criminal trial is not like afairytale wherein one is free to give flight to one''s imagination and phantasy. It concerns itself with the question as to whether the accused arraigned at the trial is guilty of the offence with which he is charged. Crime is an event in real life and is the product of interplay of different human emotions. In arriving at the conclusion about the guilt of the accused charged with the commission of a crime, the court has to judge the evidence by they ardstick of probabilities, its intrinsic worth and the animus of witnesses. Every case in the final analysis would have to depend upon its own facts. Although the benefit of every reasonable doubt should be given to the accused, the courts should not at the same time reject evidence which is exfacie trustworthy on grounds which are fanciful or in the nature of conjectures.*

*27. It needs all the same to be reemphasised that if a reasonable doubt arises regarding the guilt of the accused, the benefit of that cannot be withheld from*

*the accused. The courts would not be justified in withholding that benefit because the acquittal might have an impact upon the law and order situation or create adverse reaction in society or amongst those members of the society who believe the accused to be guilty. The guilt of the accused has to be adjudged not by the fact that a vast number of people believe him to be guilty but whether his guilt has been established by the evidence brought on record. Indeed, the courts have hardly any other yardstick or material to adjudge the guilt of the person arraigned as accused. Reference is sometimes made to the clash of public interest and that of the individual accused. The conflict in this respect, in our opinion,is more apparent than real. As observed on page 3 of the book entitled ""The Accused"" by J.A. Coutts 1966 Edition, ""When on ceit is realised, however, that the public interest is limited to the conviction, not of the guilty, but of those proved guilty, so that the function of the prosecutor is limited to securing the conviction only of those who can legitimately be proved guilty, the clash of interest is seen to operate only within a very narrow limit, namely, where the evidence is such that the guilt of the accused should be established. In the case of an accused who is innocent, or whose guilt cannot be proved the public interest and the interest of the accused alike require an acquittal.*

*28. It is no doubt true that wrongful acquittals are undesirable and shake the confidence of the people in the judicial system, much worse, however,is the wrongful conviction of an innocent person. The consequences of the conviction of an innocent person are far more serious and its reverberations cannot but be felt in a civilized society. Suppose an innocent person is convicted of the offence of murder and is hanged, nothing further can undo the mischief for the wrong resulting from the unmerited conviction is irretrievable. To take another instance, if an innocent personis sent to jail and undergoes the sentence, the scars left by the miscarriage of justice cannot be erased by any subsequent act of expidation. Not many persons undergoing the pangs of wrongful conviction are fortunate like Dreyfus to have an Emile Zola to champion their cause and succeed ingetting the verdict of guilt annulled. All this highlights the importance of ensuring as far as possible, that there should be now rongful conviction of an innocent person. Some risk of the conviction of the innocent, of course, is always there in any system of the administration of criminal justice. Such a risk can be minimised but not ruled out altogether. It may in this connection be apposite to refer to the following observations of Sir Carleton Allen quoted on page 157 of ""The Proof of Guilt"" by Glanville Williams, Second Edition :I dare say some sentimentalists would assent to the proposition that it is better that a thousand, or even a million, guilty persons should escape than that one innocent person should suffer; but no responsible and practical person would accept such a view. For it is obvious that if our ratio is extended indefinitely, there comes a point when the whole system of justice has broken down and society is in a state of chaos.*

*29. The fact that there has to be clear evidence of the guilt of the accused and that in the absence of that it is not possible to record a finding of his guilt was stressed by this Court in the case of Shivaji Sahabrao Bobade and Anr. (supra) as is clear from the following observations :Certainly it is a primary principle*

*that the accused must be and not merely may be guilty before a court can convict and the mental distinction between "may be" and "must be" is long and divides vague conjectures from sure considerations*.

૧૯. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના ***Nirmal Premkumar vs State Rep. By Inspector Of Police (2024)*** માનસહ વંચાણે લેતા, જે માનસહ વંચાણે લેતા, તેમાં પેરા નં.૧૪ અને ૧૭ સુધીમાં નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

14. In Krishan Kumar Malik v. State of Haryana 6 , this Court laid down that although the victim's solitary evidence in matters related to sexual offences is generally deemed sufficient to hold an accused guilty, the conviction cannot be sustained if the prosecutrix's testimony is found unreliable and insufficient due to identified flaws and lacunae. It was held thus:

"31. No doubt, it is true that to hold an accused guilty for commission of an offence of rape, the solitary evidence of the prosecutrix is sufficient provided the same inspires confidence and appears to be absolutely trustworthy, unblemished and should be of sterling quality. But, in the case in hand, the evidence of the prosecutrix, showing several lacunae, which have already been projected herein above, would go to show that her evidence does not fall in that category and cannot be relied upon to hold the appellant guilty of the said offences.

32. Indeed there are several significant variations in material facts in her Section 164 statement, Section 161 statement (CrPC), FIR and deposition in court. Thus, it was necessary to get her evidence corroborated independently, which they could have done either by examination of Ritu, her sister or Bimla Devi, who were present in the house at the time of her alleged abduction. The record shows that Bimla Devi though cited as a witness was not examined and later given up by the public prosecutor on the ground that she has been won over by the appellant."

(2011) 7 SCC 130

17. When considering the evidence of a victim subjected to a sexual offence, the Court does not necessarily demand an almost accurate account of the incident. Instead, the emphasis is on allowing the victim to provide her version based on her recollection of events, to the extent reasonably possible for her to recollect. If the Court deems such evidence credible and free from doubt, there is hardly any insistence on corroboration of that version.

ઉપર મુજબના નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટના માર્ગદર્શક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતા હાલના આરોપીના કેસની વિગતોને મદદરૂપ થાય છે. હાલના કામે ફરિયાદપક્ષે ભોગબનનારની ફરીયાદ અન્વયેની રેકર્ડ ઉપર આવેલા પુરાવામાંથી વિગતો ફલીત થતી નથી કે, તેણી સાથે ગુનાહિત કૃત્યોમાં આરોપીએ મદદગારી કરેલી હોય તેવા કોઈ હકિકતના પુરાવાઓ આવેલા નથી. આથી, કાયદાનો એવો પ્રસ્થાપિત સિદ્ધાંત છે, પુરાવો

જથ્થો એ બહુ અગત્યતા ધરાવતો નથી, પરંતુ રજુ થયેલ પુરાવાઓમાં ક્યા પુરાવાઓ સત્યતાસભર અને વિશ્વસનિય છે તે નિર્ણિત કરવાનું હોય છે. આથી, હાલના આરોપીના વિ.વ.શ્રીના દલીલ ગ્રાહ્ય રાખવા યોગ્ય જણાય આવે છે.

૨૦. વધુમાં, ઉપરોક્ત મુજબના ગુનાના કામે રજુ થયેલા પુરાવાની હકિકતો જોતા અને જાતીય ગુનાઓથી બાળકોનો રક્ષણ બાબતના અધિનિયમ,૨૦૧૨ ની કલમ ૨૯ મુજબ, જ્યારે કોઇ આરોપી સામે કલમ ૪, ૫ (એલ), ૬ મુજબના ગુના કર્યાના આક્ષેપ હોય ત્યારે તેવી વ્યક્તિએ આવો ગુનો કર્યો છે તેનું પુર્વ અનુમાન કોર્ટે કરવાનું હોય છે અને વિરૂદ્ધની હકિકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે હોય છે. તેમજ સદર ગુનામાં આરોપીએ પોતે નિર્દોષ છે તેવું પુરવાર કરવું પડે અને આરોપીએ યોગ્ય પુરાવાથી પોતે ગુનો કર્યો નથી તેવું પુરવાર કરવું પડે. સાધારણપણે અન્ય ગુનામાં આરોપી ઉપર કોઇપણ હકિકત પુરવાર કરવાની જરૂરીયાત રહેતી નથી પરંતુ હાલના નોંધાયેલા ગુનામાં વિશિષ્ટ પ્રકારના પ્રબંધો હોય અને તેના વિશિષ્ટ નિયમો ઘડવામાં આવેલા છે. જે મુજબ આવા પ્રકારના ગુનામાં ફરિયાદપક્ષ પાયાના પુરાવાઓથી પોતાનો કેસ સફળ થતો હોય ત્યારે તેની વિરુદ્ધનું પુરવાર કરવાની જવાબદારી આરોપીપક્ષ ઉપર રહેલી છે. જ્યારે પોકસો એક્ટની કલમ ૩૦ ની જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો આરોપીના ગુનાહિત માનસનું પણ પુર્વ અનુમાન કરવું પડે અને આરોપીનું ગુનાહિત માનસ નથી તે હકિકત પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર આ કલમથી મુકવામાં આવેલ છે અને તે બોજો નિશંકપણે પુરવાર કરવાનો રહે છે પરંતુ ફરિયાદપક્ષ તરફથી કોઇપણ હકિકત પ્રાથમીક પુરાવાથી પુરવાર કરવી જોઇએ. જે હાલના કેસમાં ફરિયાદપક્ષ પુરવાર કરેલી હોય તેવી હકિકત ફલિત થતી નથી. તેમજ ફરિયાદપક્ષે ગુનાના પાયાના અને આવશ્યક તથ્યો સાબિત કરવા જરૂરી છે. હાલની ઘટનામાં આરોપીની વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) મુજબના પણ આરોપ હોય ત્યારે તેવા આક્ષેપો મુજબના આવશ્યક તત્વો મુજબના ગુનાઓ પુરવાર કરવા જરૂરી છે. જે હાલના કિસ્સામાં ભોગબનનારે કે, અન્ય સાહેદોએ તેમના સોગંદ ઉપરના મૌખિક પુરાવાઓ વિશ્વનીય અને ભરોસાપાત્ર જણાય આવેલા નથી. જેથી પણ આરોપી સામે સદર

કાયદાની જોગવાઇ મુજબ પુર્વાનુમાન થઇ શકે તેવી કોઇ હકિકત ફલિત થતી નથી.

આમ, ઉપરોક્ત મુજબ આ કામે રેકર્ડ ઉપર આવેલા તમામ સાહેદોના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું ઝીણવટભર્યું મુલ્યાંકન તથા અવલોકન કરતા ફરિયાદપક્ષના પુરાવાઓની વિગતો શંકાસ્પદ જણાય આવે છે ત્યારે હાલના ત. ક. અમલદાર કે સાહેદ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને પણ શંકાસ્પદ અને વિસંગત તથા વિરોધાભાસી બનાવે છે.

૨૧. આ કામમાં ફરિયાદપક્ષે રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ, ઉભય પક્ષકારોના વિ.વ.શ્રીઓની રજુઆતો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો અને ઉપર ચર્ચા કરી, તેને તથા ફોજદારી ન્યાયના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવો જોઇએ. માત્ર શંકાના આધારે આરોપીને તકશીરવાન ઠરાવી શકાય નહિ. ***Dasari Siva Prasad Reddy vs The Public Prosecutor, 2004 GLHLE (SC) 7302*** ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે નિર્ણિત કરેલ છે કે, શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઇ શકે નહિ અને **"may be true"** અને **"must be true"** વચ્ચેનો તફાવત છે. આથી, નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોકત માર્ગદર્શક ચુકાદામાં કરેલા પ્રસ્થાપિત સિધ્ધાંત તથા જોગવાઇઓના આવશ્યક તત્વોને ધ્યાને લેતા, ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાઓ ઉપરથી આરોપીઓએ કોઇ ગુનાહિત કૃત્યો કરી ભાગ ભજવેલ હોય તેવા પરોક્ષ કે, પ્રત્યક્ષ પુરાવાઓની હાજરી જણાય આવતી નથી અને પુરાવામાંથી અસત્યતાઓ જણાય આવતી હોય ત્યારે તેને ન્યાય મળી શકે નહિ. વધુમાં, આ કામના ભોગ બનનાર કે, ફરિયાદપક્ષે સમર્થનકારી સત્યતાસભર અને વિશ્વનીય પુરાવાઓ આવેલા નથી. ભારતીય કાર્યરીતી સંહિતાની કલમ ૩૫૭ (એ) તથા પોક્સો એક્ટની કલમ ૩૩ (૮) તથા પોક્સો રૂલ્સ ૯ મુજબ તેમજ ગુજરાત વિકટીમ કોમ્પેનસેશન સ્કીમ–૨૦૧૯ અન્વયે, સગીર વયની ભોગ બનનારને ફરીયાદ સબંધે યોગ્ય વળતર આપવું યોગ્ય, વાજબી અને ન્યાયી જણાય આવતુ નથી. જેથી, ફરિયાદીના સચોટ પુરાવાના અભાવે આરોપીઓએ હાલના ગુનાઓ કામે કોઇ ભાગ ભજવેલાનું જણાય આવતું નથી. આમ, ફરિયાદ પક્ષના સમગ્ર

પુરાવાઓ ઉપરથી આરોપીઓએ કોઇ ગુનાહિત કૃત્ય કરી ભાગ ભજવેલો હોય તેવા સચોટ વિશ્વાસપાત્ર અને ભરોસાપાત્ર પુરાવાઓની હાજરી જણાય આવતી નથી. ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય હોય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષ રેકર્ડ લાવી શકેલ નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૩૪ ધ્યાને લેતા, કોઇ હકીકતની સાબિત માટે કોઇ કેસમાં સાહેદોની અમુક સંખ્યા આવશ્યક નથી. ફરીયાદપક્ષે રજુ થતા મહત્વ પુરાવાની ગુણવત્તા, સાહેદોની વિશ્વસનિયતાથી કેસની હકીકતો સાબિત કરી શકાય. પ્રસ્તુત કેસમાં ફરિયાદપક્ષ આરોપીઓની ગુના સાથે સીધી સંડોવણી થતી હોય તેવા કડીબધ્ધ કોઇ જ પુરાવાઓ જણાય આવતા નથી. આમ, ઉપરોકત સમગ્ર પુરાવાઓને ધ્યાને લેતા આરોપીઓની સામેના નોધાયેલા ગુનાઓ સાથે સાંકળતી કડીઓથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીઓએ ભોગ બનનાર સાથે કોઇ અપકૃત્ય કરેલાનું કે, ઉગ્ર પ્રવેશ કે, જાતિય સતામણિ કરેલી હોય તેવી કોઇ હકીકતો ફલિત થતી નથી.

આમ, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ભોગ બનનારના મેડીકલ સેમ્પલ (ગર્ભ) ના ડી.એન.એ. પરીક્ષણ અર્થે સેમ્પલ કલેકટ કર્યાના ૪૮ કલાકની અંદર એફ.એસ.એલ. ખાતે મોકલી આપવાના હોય છે પરંતુ સદર કામે રેકર્ડ ઉપર આવેલા પુરાવા મુજબ ભોગ બનનારના ગર્ભપાતના ડી.એન.એ. અંગેના મેડીકલ સેમ્પલો ૪૮ કલાકની અંદર એફ.એસ.એલ. ખાતે મોકલી આપવામાં આવેલ હોય તેવી કોઇ જ હકીકત સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર આવેલ નથી. ઉલટાનું ભોગ બનનારના મેડીકલ સેમ્પલોનું પંચનામું ત્રણ દિવસ બાદ કરેલાનું અને ત્રણ દિવસ સુધી તે કોની કસ્ટડીમાં હતા અને તે કયાં રાખવામાં આવેલ તેની પણ કોઇ ચોકકસ અને સચોટ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી પણ PW−18 નાએ આંક−૮૨ થી રજુ કરેલ રીપોર્ટ ઉપર આધાર રાખી આરોપી નં.૩ ને તકસીરવાન ઠરાવી શકાય નહિ.

આમ, ફરીયાદપક્ષ તરફે રજુ મુખ્ય સાહેદોનાં પુરાવામાં વિસંગત અને વિરોધાભાષી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે અને શંકા ઉત્પન્ન થયેલ છે ત્યારે તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપી નં.૩ ને સજા થઈ શકે નહી.

૨૨. વધુમાં, ફરીયાદપક્ષે રજુ મુખ્ય સાહેદ એવા ભોગ બનનારના પુરાવાથી આરોપી નં.૧, ૨ નાએ કોઇ ગુનો કરેલ હોય કે, ગુનો કરવામાં આરોપી નં.૩ ને મદદગારી કરેલ હોય તેવી કોઇ ચોકકસ અને સચોટ વિગતો પણ જણાય આવતી નથી. તેમજ ભોગ બનનારે તેમના પોલીસ સમક્ષનાં નિવેદનમાં આરોપી નં.૨ નાએ ચાકુ બતાવેલાની વિગતો જણાવેલ છે પરંતુ તેવી કોઇ વિગતો ભોગ બનનારે તેમના પુરાવામાં કે, તેમના સી.આર.પી.સી.ની કલમ ૧૬૪ મુજબનાં નિવેદનમાં જણાવેલ નથી. તેમજ ભોગ બનનારે તેમના સી.આર.પી.સી. ની કલમ ૧૬૪ મુજબનાં નિવેદનમાં આરોપી નં.૧ નાએ તેમની સાથે જબરજસ્તી કરેલાનું જણાવેલ છે પરંતુ કોર્ટ રૂબરૂનો ભોગ બનનારનો પુરાવો જોતાં તેમાં તેવી કોઇ જ હકીકત તેઓએ જણાવેલી નથી. તેમજ તેવી કોઇ હકીકત તેઓએ તેમના માતાપિતાને તથા ભાઇને જણાવેલ હોય અને તેઓએ પણ તેમના કોર્ટ રૂબરૂનાં પુરાવામાં જણાવેલ હોય તેવુ રેકર્ડ જોતાં જણાય આવતુ નથી.

ઉપરોકત વિંગતોએ આ કામના આરોપી ન .૩ નાએ તા.૦૭.૦૫.૨૦૨૨ ના કલાક: ૧૫/૩૦ વાગ્યાના સુમારે ફરીયાદીની સગીર વયની (ભોગ બનનાર) બહેન (ઉં.૧૬ વર્ષ, ૯ માસ અને ૧૧ દિવસ) નાને ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી કડોદરા ખાતે લઇ જઇ તેમજ આરોપી નં.૧, ૨ નાએ કડોદરા ખાતે આરોપી નં.૩ ને મકાન ભાડે રાખી આપી તેમજ ભોગ બનનાર સાથે આરોપી નં.૩ નાએ અડધી રાત્રીના જબરજસ્તીથી ભોગ બનનારે પહેરેલ કપડા ઉતારી તેને છાતીના ભાગે હાથ ફેરવેલ, તેના હોઠ તેમજ ગાલ પર ચુંબન કરી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ તથા આરોપી નં.ર નાએ ભોગ બનનાર તેઓની દિકરી છે તેવી આજુબાજુમાં ઓળખ આપી તેમજ આરોપી નં.૩ ને ભોગ બનનારની સાથે કડોદરા ખાતે મકાન ભાડે રાખી, આરોપી નં.૩ નાએ ભોગ બનનારને તેઓની સાથે લગ્ન કરવાની લાલચ આપી, તેનું અપહરણ કરી કડોદરા ખાતે ભાડાના મકાનમાં લઇ જઇ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી, એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે), (એન), ૧૧૪ તથા આરોપી નં.૩ નાએ ભોગબનનાર સાથે અવાર નવાર ઉગ્ર પ્રવેશ જાતિય હુમલાઓ કરી, જાતિય

ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ ૪, ૫ (એલ), ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલા તેમ પુરવાર કરવામાં અસફળ રહેલા છે. આથી, કામમાં ફરિયાદપક્ષે રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ, ઉભય પક્ષકારોના વિ.વ.શ્રીઓની રજુઆતો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંત અને ઉપર ચર્ચા કરી, તેને ધ્યાનમાં લેતા, **મુદ્દા નં.૪** અન્વયે નીચે મુજબ ન્યાયના વિશાળ હિતમાં આખરી હુકમ કરવામાં આવે છે.

## – આખરી હુકમ –

૧. આ કામના આરોપી નં.૧ વિનોદ ગુરૂચરણ શાહ, આરોપી નં.ર વીમલાદેવી વિનોદ શાહ તથા આરોપી નં.૩ દિપુકુમાર ઉર્ફે પ્રતિક ઉર્ફે ભોલા વિનોદ શાહ, રહે : પ્લોટ નં.૪૬, ગણેશનગર–ર, ગોડાદરા નહેર, લિંબાયત, સુરત તથા મુળ રહે : ગામ : દલીયા, પો.કવાત, થાના : દાવત, જી.રોહીતાસ (બીહાર) નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ (૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (ર) (જે), (એન), ૧૧૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ,૨૦૧૨ ની કલમ ૪, ૫ (એલ) અને ૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી પુરાવાઓના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. આરોપીઓએ ક્રિમી. પ્રોસી. કોડની કલમ ૪૩૭–એ અન્વયે જો અપીલ દાખલ થાય તો અપીલમાં હાજર રહેવા માટે દરેક આરોપીએ રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ ચુકાદાની એક નકલ આરોપીઓને ભારતીય કાર્યરીતી સંહિતાની કલમ ૩૬૩ (૧) મુજબ તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

૪. અપીલ સમય વિત્યેથી આ કામે કબજે લેવાયેલ બિન કિંમતી મુદ્દામાલનો નિયમ અનુસાર યોગ્ય નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૨ મી, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge,
Sp.POCSO Court, Surat.
(UID No.GJ00672)